PUSHTI SANSKAR OCTOBER 2013

Visit us at : www.pushtisanskar.org

|| श्रीकृष्णाय नमः ||
|| श्रीवल्लभाधीशो जयति || || जयति श्रीविठ्ठलेश्वरः ||

|| પુષ્ટિસંસ્કાર ||

વર્ષ - ૪, અંક - ૭, સળંગ અંક - ૪૩, ઓક્ટોબર ૨૦૧૩

समदुःख–सुखः स्वस्थः समलोष्ठाष्मकाञ्चनः ।
तुल्यप्रियाप्रियो धीरः तुल्यनिन्दात्मसंस्तुतिः ।।
मानापमानयोस्तुल्यः तुल्यो मित्रारिपक्षयोः ।
सर्वारंम्भपरित्यागी गुणातीतः स उच्यते ।।

श्रीमद्भगवद्गीता – १४/२४,२५

જેને સુખ દુઃખ સમાન છે, જે સ્વસ્થ છે, જેને માટીનું ઢેફું તથા સોનું સમાન છે, જેને પ્રિય તથા અપ્રિય સમાન છે, જે ધીર છે, જેને પોતાની નિન્દા તથા સ્તુતિ સમાન છે.

જે માન તથા અપમાનમાં પણ સમ છે, જેને મિત્ર તથા શત્રુપક્ષ સમાન છે અને જેણે ('હું કરૂં છું' એવા ભાવવાળા) સર્વ આરંભોનો ત્યાગ કરેલો છે; તે **ગુણાતીત** કહેવાય છે.

● પ્રકાશન ●
શ્રીપુષ્ટિ ફાઉન્ડેશન, મોટી હવેલી-જૂનાગઢ

ત્રણ પૃથ્વી (ભારત) પરિક્રમા

દૈવીજીવોના ઉદ્ધાર અને શાસ્ત્રોના સાચા અર્થને લોકમાં સ્થાપિત કરવા માટે શ્રીવલ્લભાચાર્યજીએ ખૂબ જ નાની વયથી ભ્રમણ કરવાનો પ્રારંભ કર્યો. સમ્પૂર્ણ ભારતના વિવિધ ક્ષેત્રોમાં આપશ્રી પધાર્યા. અનેક ધર્મનિષ્ઠ જીવો આપશ્રીના દિવ્ય વ્યક્તિત્વ અને સુંદર સરલ પ્રામાણિક સિદ્ધાન્તોથી પ્રભાવિત થઇને આપશ્રીને શરણે આવ્યા.

શ્રીવલ્લભ જ્યાં પણ પધારતા ત્યાં ગામની બહાર જ વૃક્ષ નીચે એકાન્તમાં મુકામ કરતા. શ્વેત ધોતી - ઉપરણો ધારણ કરતા. દ્રવ્ય સંગ્રહ ન કરતા. આપશ્રીનું જીવન અત્યન્ત સાત્ત્વિક હતું.

આપશ્રીએ પોતાના શિષ્યોને ભગવાન્ શ્રીકૃષ્ણની શરણાગતિ અને ભક્તિ નો ઉપદેશ આપ્યો અને તે પ્રમાણે જીવન જીવવાની પ્રેરણા આપી.

આ રીતે શ્રીવલ્લભે ત્રણ વખત ખુલ્લા ચરણારવિન્દથી સમ્પૂર્ણ ભારતની પરિક્રમા કરી.

શ્રીવલ્લભાચાર્યજી; ભારત પરિક્રમા દરમ્યાન શ્રીબદ્રિનાથજી - વ્યાસગુફા (ભારતનો ઉત્તર ભાગ) થી લઇને રામેશ્વરમ્ (ભારતનો દક્ષિણ ભાગ) તેમ જ બેટ દ્વારકા (ભારતનો પશ્ચિમ ભાગ) થી ગંગાસાગર (ભારતનો પૂર્વ ભાગ) સુધી પધાર્યા.

આટલા મોટા વિસ્તારમાં જુદી જુદી ભૌગોલિક કઠિન પરિસ્થિતિઓ અને કડકડતી ઠંડી - અત્યન્ત ગરમી - વરસતા વરસાદ વગેરે જુદી જુદી ઋતુઓમાં ખુલ્લા ચરણારવિન્દથી અને માત્ર ધોતી-ઉપરણા ધારણ કરીને પધારવું તે આપશ્રીનું વિલક્ષણ સામર્થ્ય અને કર્તવ્યનિષ્ઠા બતાવે છે.

આપનું એક જ લક્ષ્ય હતું - જીવોને ભગવદ્ સમ્મુખ કરવા અને શાસ્ત્રના પ્રામાણિક સિદ્ધાન્તોને જગતમાં સ્થાપિત કરવા.

તે લક્ષ્ય પ્રાપ્તિ માટે શ્રીવલ્લભે કેટલી પણ કપરી પરિસ્થિતિઓ હોય તેની પરવા કરી નથી. આચાર્યવર્ય શ્રીવલ્લભાચાર્યજીને માત્ર અને માત્ર જીવોના કલ્યાણની જ ચિન્તા હતી.



'શ્રીવલ્લભચરિત્ર' માંથી

॥ શ્રીવલ્લભાધીશો જયતિ ॥

'પુષ્ટિસંસ્કાર'

પ્રેરક
ગોસ્વામી શ્રીકિશોરચન્દ્રજી
શ્રીપુરૂષોત્તમલાલજી મહારાજશ્રી
(મોટી હવેલી - જૂનાગઢ)
પથદર્શક
ગોસ્વામી શ્રીપીયૂષબાવાશ્રી
(મોટી હવેલી - જૂનાગઢ)

☐ તંત્રી
- **કમલ સેજપાલ**

☐ સહતંત્રી
- **મથુરભાઇ રામાણી**

☐ વ્યવસ્થાપક મંડલ
- **વિનોદભાઇ કંટારિયા**
- **જયેન્દ્રભાઇ તન્ના**
- **ભાવેશ રૂપારેલિયા**
- **આશિષ ગાથા**

☐ પ્રકાશક
- **શ્રીપુષ્ટિ ફાઉન્ડેશન**
  મોટી હવેલી,પંચહાટડી ચોક,
  જૂનાગઢ-૩૬૨૦૦૧
  ફોન:૦૨૮૫-૨૬૨૧૧૧૧

☐ મુદ્રક
- **શાહ ગ્રાફિક્સ**

વાર્ષિક લવાજમ
₹ ૧૫૦/-

લેખનસૂચિ

લેખ	**પૃષ્ઠ**
શ્રીહરિરાયજી - શ્રીગોપીનાથજી	૩
શ્રીમદ્ભગવદ્ગીતાચિન્તન	૫
નામસ્મરણમહિમા	૭
ભક્તિપોષણ	૯
તુલસીવિવાહ	૧૨
રંગપૂરણી	૧૪
બાલગોષ્ઠી	૧૫
શ્રીકૃષ્ણલીલા	૧૬
સોનેરી સુવાક્યો	૧૬
પુષ્ટિ ચિન્તન	૧૮
ષોડશગ્રન્થપરિચય	૧૯
પંચમપુત્ર શ્રીરઘુનાથજી	૨૧
વ્રજયાત્રા - હૃદયશુદ્ધિનું સાધન	૨૨
શ્રીગોકુલનાથજી વચનામૃત	૨૪
વિશ્વાસનો શ્વાસ	૨૫
વ્યક્તિત્વવિકાસના સોપાનો	૨૬
પ્રાણાયામ	૨૭
ગોસેવાનું માહાત્મ્ય	૨૮
પ્રવૃત્તિસમાચાર	૩૧
વ્રતોત્સવ ટિપ્પણી	૩૨

- પ્રકાશિત કરવામાં આવેલ લેખો અને માહિતિ સાથે પ્રકાશકનું સહમત હોવું અનિવાર્ય નથી. લેખનની સમ્પૂર્ણ જવાબદારી જે તે લેખકની રહેશે.

- 'પુષ્ટિસંસ્કાર' નો અંક દરેક મહિનાની ૧૨ તારીખે રવાના કરવામાં આવે છે. જે-તે મહિનાની ૨૫ તારીખ સુધીમાં અંક ન મળે તો નામ, ગ્રાહક નંબર સાથે 'શ્રીપુષ્ટિસંસ્કાર કાર્યાલય' ફોન:૦૨૮૫-૨૬૨૧૧૧૧ પર જાણ કરવી.

કમલની કલમ

શ્રીવલ્લભપ્રતિનિધિં તેજારાશિં દયાર્ણવમ્ ।
ગુણાતીતં ગુણનિધિં શ્રીગોપીનાથમાશ્રયે ।।

માનવીય જીવન મળવું તે સૌભાગ્યની વાત છે. પરંતુ વૈષ્ણવી દેહ પ્રાપ્ત થવો તે પરમ સૌભાગ્ય છે. શ્રીવલ્લભની કૃપાથી આપણા જીવનમાં આપણને વૈષ્ણવી માનવદેહ પ્રાપ્ત થયો છે. પરન્તુ આ વાત ને આપણે કયારે પણ ગંભીરતાથી વિચારતા નથી. જ્યારે આપણે જીવનમાં આગળ વધીએ છીએ, ખુબ નામના મેળવીએ છીએ, અતિ ધન પ્રાપ્તિ થાય છે, ત્યારે આનંદથી આપણે ઝુમી ઉઠીએ છીએ. કેમ બરોબરને મારી વાત, અને હા ! આ બધુ જ મેળવા માટે આપણે ખૂબ પ્રયત્નો કરીશું, પરન્તુ આપણને આપણા વારસામાં મળેલ વૈષ્ણવી માનવદેહ માટે આપણી જાગૃતિ કેટલી છે? તેનો વિચાર આપણે ક્યારે પણ કરતા નથી. કેમ કે, સમય નથી. જ્યારે સારા દિવસોને આપણે માણતા હઇશું તો આપણો આનંદ વધી જતો હોય છે. અને એવો વિચાર કરતા હોઇએ છીએ કે, આપણે આપણી સંસ્કૃતિનું ખુબજ સરસ રીતે જતન કરી રહ્યા છીએ. પરન્તુ આ અનુકરણ સંસ્કૃતિની પાછળ આપણા મૂળભૂત સંસ્કારોને આપણે વિસરતા જઇએ છીએ એનો ક્યારેય આપણને વિચાર આવ્યો? જવાબમાં માત્ર “નરો વા કુંજરો વા” અસંખ્ય જન્મો પછી આ મહામૂલ્યવાન્ માનવદેહ આપણને પ્રાપ્ત થયો છે, અને આપણને તો વૈષ્ણવી માનવદેહ મળ્યો છે કે જ્યાં નિત્ય નિરન્તર “કૃષ્ણ સેવા સદા કાર્યા” થી આપણે જોડાયેલા છીએ, ભગવદ્ મુખારવિંદ સ્વરૂપ શ્રીવલ્લભાચાર્યચરણ દ્વારા પ્રભુસેવાનું લાયસન્સ આપણને મળેલ છે. તો શા માટે આપણે અન્ય વિચારોના વમળમાં ફસાવું જોઇએ. આપણે તો શ્રીપુષ્ટિભક્તિમાર્ગના અનુયાયીઓ છીએ, પ્રત્યેક ઉત્સવને આપણા માર્ગની રીત, પ્રિત મુજબ મનાવવામાં આવે તો જ હૃદયને સાચો આનન્દ પ્રાપ્ત થઇ શકે છે. શ્રીમહાપ્રભુજી રચિત અગણિત ગ્રન્થોને, બિરાજમાન આચાર્યશ્રીઓ પાસેથી સહસિદ્ધાન્ત સમજવાની કોશિષ કરીએ તો વ્યક્તિનું મન પવિત્ર થશે અને જો મન પવિત્ર હોય તો આપણા વિચારો ચોક્કસ અતિપવિત્ર બનશે અને આપણા ઘર, સમાજ, રાષ્ટ્ર ઉપયોગી બની અને ધર્મની નિષ્ઠા દ્વારા શ્રેષ્ઠતમ વ્યક્તિનું નિર્માણ થઇ શકશે. આવો ભક્તિમાર્ગ આપણને પ્રાપ્ત થયો છે. શ્રીઠાકોરજી, શ્રીયમુનાજી અને શ્રીમહાપ્રભુજીની કૃપા આપણા પર રહેલી જ છે. પરન્તુ આપશ્રી દ્વારા બતાવેલ માર્ગમાં કટિબદ્ધ થઇને ચાલવાની ફરજ આપણી અને માત્ર આપણી જ રહેશે.

આપણા વિચારો જ આપણો આકાર ઘડે છે. આપણા વિચારો જ આપણી આજુબાજુનું વિશ્વ ઘડે છે. તેથી જ “વિચારોને વમળથી વાળશો નહી બસ એને તો વહેવા દો... વહેવા દો...વહેવા દો...”

આધુનિક સમયમાં માનવી હંમેશા પોતાના સુખ માટે જ્યાં ત્યાં ભટકતો જોવા મળે છે. શું સાચું સુખ બહારની દુનિયામાં છે? શું સમ્પત્તિ સાચું સુખ આપી શકે છે? ચોક્કસ “ના” કેમ કે સાચા સુખની પરિભાષા તો માત્ર આપણું હૃદય અને મન જ આપી શકે છે. આપણા સમ્પૂર્ણ અસ્તિત્વને પૂર્ણ આનન્દ પ્રદાન કરનારો દિવ્ય ભગવદ્ભક્તિનો માર્ગ આપણને પ્રાપ્ત થયો છે. તેમાં જ આપણને પ્રાપ્ત થયેલા માનવદેહ અને વૈષ્ણવ પરમ્પરાની સાચી સાર્થકતા છે.

આ માસમાં શ્રીવલ્લભનંદન શ્રીગોપીનાથ પ્રભુચરણ નો પ્રાકટ્ય મહોત્સવ તેમજ આવનાર દરેક ઉત્સવોની અનેકશઃ વધાઇ... શ્રીગોવર્ધનધર પ્રભુ, શ્રીયમુનાજી અને શ્રીમહાપ્રભુજીની વિશેષ કૃપા આપણા બધા જ પર રહે તેવી શુભકામના. **દીપાવલી તથા નૂતન વર્ષની અનેકશઃ શુભકામના ....**

કમલના ભગવદ્સ્મરણ...

।। श्रीदामोदरमदनमोहनौ प्रभू विजयेते ।।
।। श्रीवल्लभाधीशो जयति ।। ।। जयति श्रीविठ्ठलेश्वरः ।।

આપણું લક્ષ્ય ભગવાન શ્રીકૃષ્ણની પ્રાપ્તિ છે.
તેથી ઉત્સવોની ઉજવણી પણ ભગવદ્‌ભાવવૃદ્ધિ થાય એ રીતે થવી જોઇએ.

શ્રીહરિરાયજીનો પ્રાકટ્યોત્સવ

ભાદરવા વદિ ૫ - व्रज आश्विन कृष्ण ५

જે ઘરમાં શ્રીમહાપ્રભુજી, શ્રીયમુનાજી, તથા શ્રીનાથજીના ચિત્રજી બિરાજતા હોય તે ઘર વૈષ્ણવ પરમ્પરાનું છે. એ સ્પષ્ટ પ્રતીત થાય છે. તેવી જ રીતે જે ઘરમાં પરિવારના સભ્યો મળીને ભગવદ્‌વાર્તા (સત્સંગ)માં ૮૪-૨૫૨ વૈષ્ણવોની વાર્તા (વૈષ્ણવોના ચરિત્ર), શ્રીહરિરાયજી કૃત શિક્ષાપત્રો , ષોડશગ્રન્થનું (આ સાથે શ્રીમદ્ ભાગવત તથા શ્રીમદ્ ભગવદ્ ગીતાના શ્લોકો સાથેનું અનુશીલન પણ ભગવદ્ વાર્તાના અંગ તરીકે કરવું જોઇએ)નું અનુશીલન, મનન, પઠન થતું હોય તો તે ઘર અસંદિગ્ધ રૂપે વૈષ્ણવતાને વરેલું છે. આ પ્રતીતિ થયા વિના નહિ રહે. અન્યાશ્રય અને અન્ધશ્રદ્ધાને તો તેમાં લેશ માત્ર સ્થાન નથી હોતું. આ શ્રીહરિરાયજીની કૃપાનું જ ફલ છે.

શ્રીહરિરાયજીના પિતૃચરણ શ્રીકલ્યાણરાયજી જેઓશ્રીનું નામાભિધાન સ્વયં શ્રીનાથજીએ "ગોવિન્દકે કલ્યાણ ભયે"થી શ્રીગુંસાઇજીને વધાઇ આપીને કર્યુ.

"दैन्यं तत्तोष साधनम्" આ દૈન્ય આપણને પ્રારંભથી જ બ્રહ્મસમ્બન્ધ દીક્ષાથી પ્રાપ્ત થાય છે. આચાર્ય વંશજ હોય કે અન્ય વૈષ્ણવ **"दासोऽहम्"** ભાવનાનું અનુસન્ધાન નિરન્તર આવશ્યક છે.**"इति श्रीकृष्णदासस्य वल्लभस्य हितं वचः"** (શ્રીમહાપ્રભુજી) **"इति हरिदासोक्तम्"** (શ્રીહરિરાયજી) ના આ વચનોથી આ વાત સ્પષ્ટ છે. આજે આ ભાવના ધૂમિલ થતી જાય છે. તે દુઃખદ છે. શ્રીહરિરાયજી ના પ્રાકટ્યોત્સવના દિને ભગવાનની પ્રસન્નતાનું કારણ દૈન્ય; **"दासोऽहम्"** ની ભાવનાથી દૃઢ કરીએ.

"सर्वदा सर्वभावेन भजनीयो व्रजाधिपः" (ચતુઃશ્લોકી) આ ભાવનાને સિદ્ધ કરવાની પ્રક્રિયા શ્રીહરિરાયજીએ કૃપા વિચારી બતાવી છે. તેનું અનુશીલનનો નિયમ બનાવીએ

પાષંડ, દુષ્ટસંગ ઉપરથી સારૂં લાગતું હોય પરન્તુ પરિણામ સંસારાસક્તિમાં હોય તેના ત્યાગનું નિરૂપણ શ્રીહરિરાયજીએ આચાર્યોચિત ગરિમા સાથે સાહસપૂર્ણ રીતે કરીને ગુરૂએ પોતાના અનુયાયીઓને કેવી રીતે અસન્માર્ગથી બચાવવા અને સન્માર્ગ પર આરૂઢ થવું તેનો ઉપદેશ આપ્યો છે.

શ્રીહરિરાયજીના ગ્રન્થોના અધ્યયનથી સંસ્કૃત અને વ્રજભાષાનું સ્વતઃ જ્ઞાન પ્રાપ્ત થઇ શકે.

પ્રભુ પ્રતિ આપણો સ્નેહ દૃઢ થાય એ માટે **"सेवायां वा कथायां वा यस्यासक्तिर्दृढा भवेत्"** (ભક્તિવર્ધિની) શ્રીમહાપ્રભુજીએ આપેલ ઉપદેશને આપણા વૈષ્ણવી જીવનમાં ઉતારવાની પદ્ધતિ શ્રીહરિરાયજીએ અત્યન્ત સ્પષ્ટ અને સરલતાથી બતાવી છે.

શ્રીહરિરાયજીની કૃપાથી આપણી પુષ્ટિભક્તિ દૃઢ બને એવી અભિલાષા.

શ્રીમહાપ્રભુજીના જયેષ્ઠ આત્મજ શ્રીગોપીનાથજી
પ્રાકટ્યોત્સવ-ભાદરવા વદિ ૧૨ - **व्रज आश्विन कृष्ण १२**

श्रीवल्लभप्रतिनिधिं तेजोराशिं दयार्णवम् । गुणातीतं गुणनिधिं श्रीगोपीनाथम् आश्रये ।।

સૂરદાસજીને બધાએ પ્રશ્ન કર્યો કે આપે ભગવાન શ્રીકૃષ્ણની મહિમાનું વર્ણન તો કર્યુ છે પણ આપના ગુરુ શ્રીવલ્લભને તો આપે યાદ નથી કર્યા ! ત્યારે સૂરદાસજીએ '**सूर कहा कहे द्विविध आन्धरो बिना मोलको चेरो**' થી ઉત્તર આપ્યા "ભગવાન શ્રીકૃષ્ણ અને શ્રીમહપ્રભુજીમા ભેદ જોઉ તો ભિન્ન વર્ણન કરૂં, મેં તો ભેદ જોયો નથી" એવી જ રીતે શ્રીમહપ્રભુજી તથા શ્રીગોપીનાથજીમાં જરા પણ ભેદ નથી. શ્રીમહાપ્રભુજીની માહાત્મ્યમાં શ્રીગોપીનાથજીની મહિમા સમાવિષ્ટ જ તેથી ભિન્નતયા શ્રીગોપીનાથજીનું વિશેષ વર્ણન નથી. નહિ કે તેથી શ્રીગોપીનાથજીમાં કોઇ ન્યૂનતાની સંભાવના હોય.

"यदनुग्रहतो जन्तु: सर्वदु:खातिगो भवेत् । तमहं सर्वदा वंदे श्रीमद्वल्लभनन्दम् ।।" આ શ્રીગુંસાઇજી કૃત શ્રીગોપીનાથજીની સ્તુતિને આપણા માર્ગમાં શ્રીગુંસાઇજીની સ્તુતિના રૂપમાં કેમકે શ્રીગોપીનાથજી તથા શ્રીગુંસાઇજીમાં અભેદ છે, સ્વીકારવામાં આવી છે. તેથી શ્રીગોપીનાથજીની વાણીનું પણ શ્રીમહાપ્રભુજીની વાણીવત જ પ્રામાણ્ય છે.

"साधनदीपिका"

શ્રીગોપીનાથજી કૃત સાધનદીપિકા પ્રમાણ અને સાધનના સંદર્ભમાં સ્પષ્ટ દૃષ્ટિ આપે છે. આ એક જ ગ્રન્થનું અનુશીલન કરી જીવનમાં ઉતારીએ તો બેડો પાર.

આપણે પુષ્ટિમાર્ગીયો માટે ધર્મને સમજવા માટે સ્પષ્ટ દૃષ્ટિ **"भक्तिमार्गवितानाय योऽतीर्णो हुताशनः । स एव नः परं मानं शेषम् अस्य प्रमान्तरम् ।। "** (સાધનદીપિકા-૩) શ્રીમહાપ્રભુજીના વચનો જ અમારી માટે મુખ્ય (સ્વતઃ પ્રમાણ) છે. અન્ય એમના ઉપયોગી અંગ તરીકે પ્રમાણ છે.જો આપણી નિષ્ઠા પુષ્ટિમાર્ગમાં હોય તો પ્રથમ શ્રીમહાપ્રભુજીની વાણીનો સ્વતઃપ્રમાણ તરીકે સ્વીકાર કરી તેને ઉપયોગી રહે એ રીતે વેદાદિ શાસ્ત્રોનું અધ્યયન કરવું જોઇએ.એટલે વેદ, ગીતા, ભાગવતાદિ ગ્રન્થોનું અધ્યયન કે શ્રવણ શ્રીમહાપ્રભુજીની વાણીમાં જેને શ્રદ્ધા હોય તેના દ્વારા કરવું જોઇએ તો જ તે ફલદાયી અને આપણી પુષ્ટિભક્તિની સાધનામાં ઉપયોગી થશે. અન્યથા ભાવખંડિત થતા વાર નહિં લાગે શ્રીગોપીનાથજી આ વાત પર સ્પષ્ટ ધ્યાન દોરી રહ્યા છે અને **" निष्ठा च साधनैरेव न मनोरथवार्तया ।"** જેનું જીવન શ્રીમહાપ્રભુજીની વાણી અનુસાર હોય તેના જ ઉપદેશ ગ્રાહ્ય કરવા કે શ્રવણ કરવા કે તેના પુસ્તકો આપણા સ્વાધ્યાયમાં વસાવવા.

શ્રીવલ્લભની નિકટ તેમના લાલજીથી વધારે કોણ હોઇ શકે! શ્રીમહાપ્રભુજીને શ્રીગોપીનાથજી તથા શ્રીગુંસાઇજી જાણે તેમનાથી વિશેષ બીજો કેમ જાણે તેથી શ્રીગોપીનાથજી તથા શ્રીગુંસાઇજીનું ચરિત્ર અને આપશ્રીની વાણી શ્રીમહાપ્રભુજીની વાણીવત પ્રમાણ છે.

ભગવદ્ભક્તની દિનચર્યા અને ભગવદ્ભક્તિના ઉપદેશાનન્તર ઉપસંહારમાં શ્રીગોપીનાથજી આજ્ઞા કરે છે કે **" इत्येवं यस्य दिवसा यान्ति भक्तस्य भूतले । सएव कृतकृत्योऽस्ति हरिस्तम् अनुश्लिष्यति ।।"** (સાધનદીપિકા-૧૨૬)

જે ભગવદ્ભક્તિની આવી ભવ્ય જીવન પ્રણાલીને જીવે છે; તે જ કૃતકૃત્ય છે. તેને પ્રભુ પોતાનો માને છે. શ્રીગોપીનાથજી પ્રભુચરણ પાસે પ્રાર્થના કરીએ કે આપે બતાવેલ સાધનદીપિકા અનુસાર અમારૂં જીવન બને અને અમે પણ પ્રભુના પ્રિય થઇએ.

ગોસ્વામી શ્રીકિશોરચન્દ્રજી શ્રીપુરૂષોત્તમલાલજી મહારાજશ્રી

શ્રીમદ્ભગવદ્ગીતાચિન્તન

દ્વાદશોધ્યાયઃ - લેખાંક -૨

ગોસ્વામી શ્રીપીયૂષકુમારજી મહોદય

શ્રીમદ્ભગવદ્ગીતાના બારમા અધ્યાયના પ્રથમ શ્લોકમાં અર્જુન; ભગવાન્‌ને પ્રશ્ન કરે છે કે આપના સાકાર પરં બ્રહ્મ સ્વરૂપ અને નિરાકાર અક્ષરબ્રહ્મ સ્વરૂપ ની ઉપાસના કરનારમાંથી ઉત્તમ કોણ છે ? તેના ઉત્તરમાં ભગવાન્ શ્રીકૃષ્ણ આજ્ઞા કરે છે...

શ્રીભગવાન્ ઉવાચ

મય્યાવેશ્ય મનો યે માં નિત્યયુક્તા ઉપાસતે ।
શ્રદ્ધયા પરયોપેતાસ્તે મે યુક્તતમા મતાઃ ।।૨ ।।

શબ્દાર્થ : મયિ = મારામાં, મનઃ = મન, આવેશ્ય = રાખીને, નિત્યયુક્તાઃ = નિરન્તર મારામાં લાગેલા, યે = જેઓ, પરયા શ્રદ્ધયા = પરમ શ્રદ્ધાથી, ઉપેતાઃ = યુક્ત થયેલા, મામ્ = મને, ઉપાસતે = ભાવનાપૂર્વક સેવે છે, તે = તેઓ, મે = મારા (મેં), યુક્તતમાઃ = યોગીઓમાં ઉત્તમ, મતાઃ = માનેલા છે.

શ્લોકાર્થ : જેઓ મારામાં મન રાખી, નિત્યયુક્ત રહી, ઉત્તમ શ્રદ્ધા રાખી મને સેવે છે તેઓને હું યુક્તતમ માનું છું.

વિવેચન : બ્રહ્મના સાકાર અને વ્યાપક બન્ને જ રૂપો શાસ્ત્રસિદ્ધ છે અને તે બન્ને સ્વરૂપે બ્રહ્મ એક જ તત્ત્વ છે. શ્રીમહાપ્રભુજી અક્ષરબ્રહ્મનું નિરૂપણ કરતા સમજાવે છે કે **‘પુરૂષોત્તમેન સહ અવિચ્છિન્નતયા તિષ્ઠતિ, ન તુ કાર્યત્વેન..’** એટલે કે ‘વ્યાપક અક્ષર બ્રહ્મ, સાકાર પુરૂષોત્તમ સાથે અભિન્ન રૂપે સ્થિત છે; પુરૂષોત્તમના કાર્ય તરીકે નહિ (પરન્તુ સ્વરૂપ તરીકે અક્ષરબ્રહ્મ છે)’ (સર્વનિર્ણય નિબન્ધ ૧૦૧)

આગળ શ્રીવલ્લભ ખુલાસો કરે છે કે - **કદાચિત્ પુનઃ પુરૂષોત્તમઃ ચેદ્ આવિર્ભવતિ તદા અક્ષરમ્ અપિ બહુધા ભવતિ** - ક્યારેક પુરૂષોત્તમ પ્રકટ થાય છે ત્યારે અક્ષર પણ અનેક પ્રકારે પ્રકટ થાય છે. - પ્રભુ વૈકુણ્ઠમાં નિવાસ કરે છે તો ‘વૈકુણ્ઠ લોક’ અક્ષર છે. અક્ષરમાં નિવાસ કરનાર મુક્ત હોય છે તેથી વૈકુણ્ઠના જીવો પણ મુક્ત હોય છે; પરન્તુ તેમાં પણ પુરૂષોત્તમ તો મહાન્ જ હોય છે.

તે જ રીતે પુરૂષોત્તમનું નિરૂપણ અન્તર્યામી - અવતાર - આધિદૈવિક સ્વરૂપે કરવામાં આવે છે ત્યારે તેમના ચરણ અક્ષર છે. જ્યારે પુરૂષોત્તમનું હંસાકૃતિ તરીકે વર્ણન છે ત્યારે કહેવાયું છે ‘અક્ષર; હંસની પુચ્છ છે’

સંક્ષેપમાં જ્યાં પુરૂષોત્તમ જે પણ સ્વરૂપે વિદ્યમાન્ હોય છે ત્યાં આધાર રૂપે અક્ષર હોય છે.

આગળ શ્રીવલ્લભ જણાવે છે કે -**‘જ્ઞાનમાર્ગે તુ એતદેવ સેવ્યં કૃષ્ણઃ તતઃ અધિકઃ** - એટલે કે જ્ઞાનમાર્ગમાં તો અક્ષર બ્રહ્મ જ સેવ્ય હોય છે કૃષ્ણ તો તેના કરતા અધિક છે.’

જ્ઞાની; અક્ષરને બ્રહ્મના ધર્મ તરીકે અનુભવે છે જ્યારે ભક્ત; અક્ષરને પુરૂષોત્તમના ધામ તરીકે જાણીને પુરૂષોત્તમની સેવા કરે છે.

તેથી જ આપણા ભગવત્સેવાના ક્રમમાં ભગવન્મંદિરને પણ અક્ષરનું સ્વરૂપ કહેવાયું છે. ત્યાં સેવકે અવ્યાવૃત્ત થઇને અર્થાત્ સંસારની બધી જ બાબતોથી મુક્ત થઇને જવું જોઇએ. ભગવન્મંદિરમાં ક્રોધ આવે તો અપરસ છોવાઇ જાય છે તેનો હેતુ પણ એ જ કે આપણે કુંઠા રહિત એવા અક્ષર રૂપી વૈકુંઠમાં છીએ અને ક્રોધ વગેરે થતા અધઃપાત થઇ જગત્‌માં આવી જઇએ છીએ તેથી પુનઃ સ્નાન - ચરણામૃત ગ્રહણ આદિ શુદ્ધિ કરવામાં આવે છે.

આ રીતે ભગવાન્ શ્રીકૃષ્ણ; પોતાના વ્યાપક અક્ષર સ્વરૂપની ઉપાસના કરતા જ્ઞાનીઓ કરતા પોતાના સાકાર પુરૂષોત્તમ સ્વરૂપના સેવકની મહત્તા દર્શાવતા અર્જુનને સમજાવે છે કે ‘જેઓ મારામાં મન રાખી નિરન્તર મારામાં જોડાઇને મારી ઉપાસના કરે છે તેઓ શ્રેષ્ઠ છે.’

શ્રીવલ્લભે; ગીતાનો આ જ તો સિદ્ધાન્ત સમજાવ્યો છે – **‘અતસ્તુ બ્રહ્મવાદેન કૃષ્ણે બુદ્ધિર્વિધીયતામ્** – સર્વ બ્રહ્મરૂપ છે તેવી વ્યાપક બ્રહ્મદષ્ટિ કેળવીને કૃષ્ણમાં બુદ્ધિને જોડો’ આ જ સર્વ પ્રમાણસિદ્ધ સર્વશ્રેષ્ઠ માર્ગ છે.

શ્રીમદ્ભાગવતમાં પણ કહ્યું છે –

ગોપીનાં તત્પતીનાઞ્ચ સર્વેષામપિ દેહિનાં
યોન્તશ્ચરતિ સોડધ્યક્ષો ક્રીડનેનેહ દેહભાક્ ।
અનુગ્રહાય ભૂતાનાં માનુષં દેહમાસ્થિતઃ
ભજતે તાદશીઃ ક્રીડા યાઃ શ્રુત્વા તત્પરો ભવેત્ ।।

ગોપિકાઓ અને તેમના પતિઓના જ નહિ પરન્તુ સર્વ દેહધારીઓના અંદર જે અન્તર્યામી પરમેશ્વર સ્વરૂપે બિરાજેલા હોવાથી સર્વદા સર્વત્ર બધીજ પ્રકારની ક્રીડા કરતા જ રહે છે, તે જ પરં બ્રહ્મ પરમાત્મા ભગવાન્ શ્રીકૃષ્ણ પ્રાણીમાત્ર પર કૃપા કરીને મનુષ્ય જેવું શરીર ધારણ કરીને મનુષ્યો જેવી લીલા કરી રહ્યા છે, એવી લીલા કે જેના શ્રવણમાત્રથી જીવાત્મા સંસારાસકિતથી મુકત થઇને પરમાત્મપરાયણ થઇ જાય.

(શ્રીમદ્ભાગવત - ૧૦/૩૦/૩૬-૩૭)

આ રીતે પૂર્ણ પુરૂષોત્તમની લીલાનું માધુર્ય માણીને જેનું મન પ્રભુમાં નિરન્તર લાગી જાય તેવા ભક્તથી વિશેષ તો કોઇ અક્ષરબ્રહ્મમાં લય પામનાર જ્ઞાની કેમ હોઇ શકે !

નાયં સુખાપો ભગવાન્ દેહિનામ્ ગોપિકાસુતઃ ।
જ્ઞાનીનાં ચાત્મભૂતાનાં યથા ભક્તિમતામિહ ।।

શ્રીયશોદાજીના પુત્ર ભગવાને વ્રજમાં પોતાના ભક્તોને જેવો આનન્દ પ્રદાન કર્યો; તેવો આનન્દ તો આત્મસ્થ જ્ઞાનીઓને પણ પ્રાપ્ત થતો નથી.

કીર્તનમાં આવે છે –

નિજ બ્રહ્માંડ સુ પાલનોં જગહિ ઝુલાવનહાર ।
તાહિ પલના પૌઢાયકેં ઝુલાવત વ્રજકી નારિ ।।

કેવી અદ્ભુત લીલા છે કે – સમસ્ત જગતને જે; પોતાના બ્રહ્માંડ રૂપી પલનામાં ઝુલાવે છે તેને પલનામાં પોઢાવીને શ્રીયશોદાજી ઝુલાવે છે.

તેથી શ્રીવલ્લભ આજ્ઞા કરે છે –

એવં જ્ઞાત્વા જ્ઞાનમાર્ગાત્ ઉત્કર્ષો ગુણવર્ણને ।
અમત્સરૈઃ અલુબ્ધૈશ્ચ વર્ણનીયાઃ સદા ગુણાઃ ।।

જ્ઞાનમાર્ગ કરતા ભગવદ્ગુણોના વર્ણનમાં જે આનન્દ છે તે વિશિષ્ટ છે તે જાણીને ઇર્ષ્યા અને લોભ રહિત થઇને ભગવદ્ગુણોનું સદા વર્ણન કરવું.

જો સુખ હોત ગોપાલે ગાયે ।
સો ન હોત જપ – તપ – વ્રત સંયમ કોટિક તીરથ ન્હાયે ।

તેથી પ્રભુના વચનનું પુનઃ અનુસન્ધાન કરીએ –

મય્યાવેશ્ય મનો યે માં નિત્યયુક્તા ઉપાસતે ।
શ્રદ્ધયા પરયોપેતાસ્તે મે યુક્તતમા મતાઃ ।।

જેઓ મારામાં મન રાખી, નિત્યયુક્ત રહી, ઉત્તમ શ્રદ્ધા રાખી મને સેવે છે તેઓને હું યુક્તતમ માનું છું.

ક્રમશઃ



નામ સ્મરણ મહિમા

મથુરભાઇ રામાણી, જૂનાગઢ

અતઃ સર્વાત્મના શશ્વદ્ ગોકુલેશ્વરપાદયોઃ ।
સ્મરણં ભજનં ચાપિ ન ત્યાજ્યમિતિ મે મતિઃ ।।

પ્રાતઃ સ્મરણીય પરમ વંદનીય શ્રીમદ્વલ્લભાચાર્યજીનાં ઉપરના શ્લોકના 'સર્વાત્મના' અને 'શશ્વદ્' આ બે શબ્દો સમજવા જેવા છે. જેનો વિશાળ અર્થ અને ભાવ હૃદયંગમ છે. તેમાં સ્પષ્ટ આજ્ઞા છે કે પ્રભુ સ્મરણ અને ભજન સર્વાત્મભાવથી અને શશ્વદ્ એટલે હંમેશા નિરન્તર સ્થિર રહે એવી રીતે થવું જોઇએ. એટલે મન ઉપર નિરન્તર તેની અસર રહેવી જોઇએ. જેથી સ્મરણ-ભજન કીર્તન કરતા રહેવું જોઇએ. જેથી સ્મરણ ભજન કીર્તન ભાવયુક્ત થતાં પ્રભુનાં પાદપદ્મોમાં (ચરણ કમલમાં) આકર્ષણ થતાં આનન્દ અનુભવાશે.

અહીં શ્રીઆચાર્યજી સ્પષ્ટ કહે છે કે અગર જો શ્રીગોકુલેશ્વરના પાદપદ્મોમાં જે જીવોને જવું છે તેમણે શશ્વદ્ એટલે કે સતત-નિરન્તર-હંમેશા સ્મરણ એટલે જપ-પાઠ-ભજન-કીર્તન કરતા રહેવું જોઇએ. જેવી રીતે ભમરી એક ઇયળના ઉપર રાત-દિવસ સતત શશ્વદ્ ગુંજન કરે છે તો તે ઇયળ ભમરી બની જાય છે, તો પછી ભાવયુક્ત શશ્વદ્ સતત પ્રભુ ભજન કરે તો પ્રભુનાં ચરણારવિન્દમાં કેમ ન પહોંચે?

આ વિષયના સમર્થનમાં ભગવાન શ્રીકૃષ્ણનાં મુખારવિન્દથી ઉદ્બોધિત શ્રીમદ્ભગવદ્ગીતાનાં અધ્યાય-૧૦નાં શ્લોક ૯ અને ૧૦ સમજવા જેવા છે.

મચ્ચિત્તા મદ્ગતાપ્રાણા બોધયન્તઃ પરસ્પરમ્ ।
કથયન્તશ્ચમાં નિત્યં તુષ્યન્તિ ચ રમન્તિ ચ ।।૯।।

અન્તઃકરણ, પ્રાણ તથા ઇન્દ્રિયને મારામાં સમર્પણ કરનાર મારો ભક્ત એકમેકને મારો ઉપદેશ કરતા તથા નિરન્તર મારી અમૃત કથાને સાંભળતા તથા સંભળાવતા આનન્દ પામે છે.

તેષાં સતતયુક્તાનાં ભજતાં પ્રીતિપૂર્વકમ્ ।
દદામિ બુદ્ધિયોગં તં યેન મામુપયાન્તિ તે ।।૧૦।।

સર્વદા દેહ પ્રાણ ઇન્દ્રિય અંતઃકરણાદિ સર્વ મારામાં જોડી પ્રીતિપૂર્વક મને ભજનારને હું પૂર્વે કહેલો બુદ્ધિયોગ આપુ છું જેથી તે મારી સમીપ આવે છે.

અહીં વાત સમજવાની એ છે કે ભક્તિ સતત યુક્તા હોવી જોઇએ ઉપરાંત ભાવયુક્તા પણ હોવી જોઇએ. શ્રીમદ્ભગવદ્ગીતામાં 'સતતયુક્તા' કહ્યું છે એટલે ભગવાનમાં જોડાયેલા રહેવાનું કહે છે. ભાવાર્થ એ છે કે ભક્તિ એ કંઇ મનોવૃત્તિ નથી. મનોવૃત્તિ કાયમ રહેતી નથી. તે સુષુપ્તિમાં તમોગુણમાં લીન થઇ જાય છે. શરીરનો સ્પર્શ કરો-હલાવો તો તે જાગશે. પરન્તુ ભક્તિ કોઇ એવી વસ્તુ નથી કે તે મનોવૃત્તિમાં મળી જાય. ભક્તિ તો સતત રહે છે. એટલે કે તે સ્મૃતિ અને વિસ્મૃતિ બન્નેમાં રહે છે. ભક્તિને સતત રીતે રાખી શકાય છે તે નીચેના દૃષ્ટાન્તથી સમજીએ.

પુત્રનું સ્મરણ રહેવું એ એક વાત છે અને ભૂલી જવું એ બીજી વાત છે અને તેનાથી પ્રેમ કરવો એ ત્રીજી વાત છે. કોઇ કાર્ય કરતા હોઇએ ત્યારે પુત્રનું સ્મરણ હોતુ નથી પરન્તુ પુત્રમાં પ્રેમ છે તે ઓછો થતો નથી તેવી રીતે પ્રવૃત્તિના સમયે તથા ઉંઘમાં પુત્ર-પત્ની, કુટુંબીજનો ઉપરાંત ધન વિગેરે ભૂલી જવાય છે છતાં તેમાં પ્રેમ ઓછો થતો નથી.

પ્રેમ; વિસ્મૃતિમાં ભૂલી જઇએ તો પણ તે નષ્ટ થતો નથી અને તેનું સ્મરણ કરતા ઉત્પન્ન પણ થતો નથી. તે સ્મૃતિ અને વિસ્મૃતિથી જુદો છે. પ્રેમ એ રાગયુક્ત સંસ્કાર છે. ભક્તિ એવી કરવી જોઇએ કે જે આપણી નસે નસમાં ઉતરી જવી જોઇએ એટલે કે તે ઓતપ્રોત થઇ જવી જોઇએ તેનું પણ એક સુંદર દૃષ્ટાન્ત છે તે સમજીએ.

એક સમયે ભગવાન્ શ્રીકૃષ્ણ દ્વારકામાં બિરાજતાં હતાં તે વખતે ભગવાનનાં પ્રિય સખા બાણાવળી અર્જુન પણ ત્યાં આવેલા હતા. તે વખતનો આ પ્રસંગ છે.

ભગવાન શ્રીકૃષ્ણના મંદિરમાં અર્જુન સુતા હતા-ભર ઉંઘમાં હતા તે વખતે ભગવાન શ્રીકૃષ્ણ જાગે

છે અને ઉંઘતા સખા અર્જુનને જુએ છે તો પોતે આશ્ચર્યચકિત થાય છે. કારણ કે ભર નિદ્રામાં સૂતેલા અર્જુન શ્રીકૃષ્ણઃ શરણમ્ ... શ્રીકૃષ્ણઃ શરણમ્ ...નો જપ કરે છે.

જાગતા લોકો પાસેથી શ્રીકૃષ્ણઃ શરણમ્... એ જપ ઘણા પાસેથી શ્રીકૃષ્ણે સાંભળેલ પરન્તુ અહિં તો ભર ઉંઘમાં પોઢેલા સખા અર્જુનના શ્વાસોચ્છવાસથી નીકળતો ધ્વનિ પહેલી જ વાર શ્રીકૃષ્ણને સાંભળવા મળ્યો. સાંભળતાની સાથે જ શ્રીકૃષ્ણ ગદ્ગદ્ થઇ ગયા અને પ્રફુલ્લિત મનથી સાંભળી રહ્યાં. મહારાણી રૂક્ષ્મણીજીનાં મહેલમાં ઉત્સવ યોજાણો હતો. ભગવાન શ્રીકૃષ્ણ ત્યાં સમયસર પધારી શક્યા નહિં એટલે રૂક્ષ્મણીજીને ચિન્તા થઇ. આ ઉત્સવમાં દેવ-દેવીઓને પણ આમંત્રણ હતાં, જેમાં દેવર્ષિ નારદજી પણ હતા.

ભગવાનને બોલાવવા રૂક્ષ્મણીજીએ નારદજીને કહ્યું કે 'આપ જઇને ભગવાનને બોલાવી આવો.' 'જેવી આજ્ઞા' કહેતાની સાથે મહર્ષિ નારદજી વીણાના તાર ઉપર મધુર- સુરથી 'નારાયણ... નારાયણ' ગાતા ગાતા રવાના થયા.

દેવર્ષિ નારદજી પ્રભુનાં મહેલમાં પધારે છે ત્યાં અર્જુનના મુખથી નીકળતો શ્રીકૃષ્ણઃ શરણં નો ધ્વનિ સાંભળે છે, નારદજી ભગવાન શ્રીકૃષ્ણનાં ચરણમાં પડે છે. તરતજ શ્રીકૃષ્ણ સંકેત કરી નારદજીને શાંત રહેવા આજ્ઞા કરે છે, નાક ઉપર પોતાની આંગળી મૂકી ચુપ રહેવાની સૂચના કરી.

મહાન બાણાવળી અર્જુનનાં શ્વાસમાંથી નીકળતો ધ્વનિ શ્રીકૃષ્ણઃ શરણં ... સાંભળી નારદજી તો પ્રેમમાં વિભોર થઇ ગયા. એક તો નારદજી મહાન ભક્ત અને તેમાં અહીં આ અદ્ભૂત દૃષ્ય જોયું. ઉંઘમાં પ્રભુના નામનું સંકીર્તન સાંભળી નારદજી તો આનન્દમાં છકી ગયા અને પોતે પણ પોતાની વીણા ઉપર ધીરે ધીરે આંગળી ચલાવવા લાગ્યા અને ભરેલા હૃદયે પ્રેમાશ્રુ વહાવા લાગ્યાં. પોતે શું કામ આવ્યા છે તે પણ ભૂલી ગયા અને ભગવદ્નામમાં તલ્લીન થઇ ગયા.

દેવર્ષિ નારદજી પાછા ન આવ્યા ત્યારે મહારાણી વિચારમાં પડી ગયા અને તરત જ સત્યભામાને બોલાવવા જવા સૂચના કરી. સત્યભામાજી પ્રભુના મહેલમાં પધાર્યા કે તરત જ ચુપ રહેવાની સૂચના હાથની આંગળીથી પ્રભુએ કરી. તે જ વખતે સત્યભામાજીએ શ્રીકૃષ્ણઃશરણમ્... શ્રીકૃષ્ણઃ શરણમ્ નો ધ્વનિ સૂતેલા સખા અર્જુનના મુખેથી સાંભળી પ્રેમ મગ્ન થઇ ગયા એટલું જ નહિ પરન્તુ સત્યભામાજી પણ ધીરે ધીરે તાલી બજાવી એ ધૂનમાં તન્મય બની ગયા.

હવે વધારે મોડુ થયું એટલે મહારાણી રૂક્ષ્મણીને ચિંતા થઇ કે સત્યભામાજી પણ આવ્યા નહિ ત્યારે મનમાં શંકા-કુશંકા થવા માંડી જેથી પોતે પ્રભુનાં મહેલ તરફ જવા રવાના થયાં, ત્યાં પહોંચ્યા અને જુએ છે તો ભગવાનનાં સખા અર્જુન ભર ઉંઘમાં સૂતેલા છે અને તેમના શ્વાસોચ્છવાસમાંથી શ્રીકૃષ્ણઃ શરણમ્ નો ધ્વનિ નીકળી રહ્યો છે. નારદજી ધીમા ધીમા વીણા વગાડે છે. સત્યભામાજી તાલ દેતા હતાં અને ભગવાન શ્રીકૃષ્ણ પણ પ્રેમ મગ્ન બની ગયા હતા. આ સ્થિતિ જોતા મહારાણી રૂક્ષ્મણીજી પોતે પણ નૃત્ય કરવા લાગ્યાં પછી તો આ લીલા રચનાર બાકી કેમ રહે? તેઓ તો નટનાગર છે જ. તેઓ પણ સાથે સાથે નાચવા લાગ્યા. પ્રેમાવેશમાં બધું જ ભૂલી ગયા કે સખા અર્જુન સૂઇ રહ્યા છે. આ નૃત્ય સંગીતનાં અવાજથી અર્જુન જાગી ગયા અને પ્રભુને પૂછે છે 'પ્રભુ! આ બધું શું છે? શાનો ઉત્સવ છે તે તો કહો?' ત્યારે ભગવાન શ્રીકૃષ્ણ જવાબ આપે છે કે આજે તારા હૃદયનો ભાવ પ્રકટ થઇ ગયો જેથી આજ અમે બધાએ ઉત્સવ કર્યો છે.

કહેવાનો અર્થ એ છે કે ભક્ત શશ્વદ્ એટલે સતત અને યુક્ત એટલે ભગવાનમાં જોડાયેલા રહે છે અને ઉપરાંત અનન્ય ભાવયુક્ત રહે છે. અહીં શ્રીવલ્લભાચાર્યજીની આ પ્રમાણે આજ્ઞા છે.

◆

શ્રીદયારામભાઇ રચિત ભક્તિપોષણ

વિવેચન - વ્રજલાલભાઇ વાછાણી, જૂનાગઢ

ભક્તિ તારે ચાંડાળને, જેમાં એકો ન શુભ આચરણ
તો શું કહેવું પછી તેહનું ઉદ્ધારે અધમ અન્ય વર્ણ!
વર્ણ સર્વે ઉદ્ધારે જકત, નીચ ઉંચ જે નિજ આસક્ત
એક અંગ ભક્તિ ભદ્રદાય, આશ્ચર્ય શું પૂર્ણ શ્રેય થાય!...

સેવો...૪૬

શબ્દોઃ ભદ્ર - કલ્યાણ, ભદ્રદાય - કલ્યાણ આપનારી, ભદ્રાય - કલ્યાણ માટે.

ભાવાર્થઃ જેમાં એકપણ શુભ આચરણ ન હોય એવા ચાંડાલને અતિ હીન જાતિના માણસને પણ ભક્તિ તારી શકે છે તો પછી અન્ય પછાત વર્ણો ભક્તિથી તરે એમાં તો કહેવું જ શું? ભક્તિ પ્રભુ પ્રાપ્તિનાં સાધનોમાં સર્વોત્કૃષ્ટ છે. આમ જો ચાંડાલ અને અધમ વર્ણમાં જન્મેલાને પણ ભક્તિ તારી શકે પછી ઉત્તમ વર્ણના સદાચારી જીવનો તો ઉદ્ધાર થઇ શકે તે તો સુસ્પષ્ટ છે. જગતના બધા જ વર્ણ-જાતિ માટે ચાહે તે ઉચ્ચ વર્ણનો હોય કે નીચ વર્ણનો ભક્તિમાર્ગ બધા માટે ખુલ્લો છે. પ્રભુની ભક્તિનું સ્વરૂપ જ એવું છે કે તે કોઇપણ જાતના ભેદભાવ વગર સમાનરૂપથી બધા જીવોનું કલ્યાણ કરે છે. અગાઉ આપણે ભક્તિના પ્રકાર જોઇ ગયા તે મુજબ નવધા ભક્તિમાંથી એક ભક્તિ પણ કોઇ દ્રઢતાથી કરે તો તે એકેક ભક્તિ કલ્યાણકારી છે. તો સર્વાંગપૂર્ણ ભક્તિની તો વાત જ શું કરવી? જીવે ભક્તિમાં અગ્રેસર થવું જોઇએ.

અગાઉનાં ચંદ્રાવળામાં દાન, યજ્ઞ, તપ વગેરે સાધનો ભક્તિની તુલનામાં સમર્થ નથી. અંતે ભક્તિ કરવાથી જ ઉદ્ધાર થયો તે જોયું. હવે આ ચંદ્રાવળામાં ભક્તિમાં સમાનપણું દર્શાવે છે. ભક્તિ કરવામાં કોઇ વર્ણ-આચરણ, ઉંચ-નીચ કાંઇ જોવામાં આવતું નથી. આ બાબતના પ્રમાણો પર દ્રષ્ટિપાત કરીએ તો સૌ પ્રથમ શ્રીમદ્ભગવદ્ગીતાના પ્રમાણનો વિચાર કરીએ.

સમોડહં સર્વભૂતેષુ ન મે દ્વેષ્યોસ્તિ ન પ્રિયઃ ।
યે ભજન્તિ તુ માં ભક્ત્યા મયિ તે તેષુ ચાપ્યહમ્।।
(અ.૯-૨૯)

ભગવાન કહે છે કે હું સર્વજીવોમાં સમ છું. મારે કોઇ દ્વેષ્ય નથી કે કોઇ પ્રિય નથી. પરન્તુ જેઓ મને ભક્તિથી ભજે છે તેઓ મારામાં છે અને હું તેઓમાં છું. અહીં ભક્તિની જ શ્રેષ્ઠતા દર્શાવી છે. ક્યાંય પણ ભક્તિ કરવા માટે વર્ણ-જાતિની શરત નથી. ઉલટાની નીચે મુજબના શ્લોકમાં સ્પષ્ટતા જોવા મળે છે કે

અપિ ચેત્ સુદુરાચારો ભજતે મામ્ અનન્યભાક્ ।
સાધુરેવ સ મન્તવ્યઃ સમ્યગ્ વ્યવસિતો હિ સઃ ।।
(અ.૯-૩૦)

જો અત્યન્ત દુષ્ટ આચારવાળો પણ મને અનન્યતાથી ભજે તો તેને સારો જ માનવો. કારણ કે તે સારા નિશ્ચયવાળો છે.

મારી ભક્તિ પ્રાપ્ત કરવા અમુક અધિકાર હોવો જ જોઇએ એવું કાંઇ નથી. મહાપતિતને પણ મારી ભક્તિ પાવન કરે છે. અત્યન્ત દુષ્ટ આચારવાળો માણસ પણ જો મને અનન્યતાથી ભજે અર્થાત્ મારા સિવાય અન્ય કોઇ દેવી-દેવતાનું ભજન સેવા અથવા આશ્રય કરે નહિ તો તે સારો વૈષ્ણવોનો અગ્રણી જ માનવો. શ્રીમદ્ભાગવતમાં પણ ભગવાન કહે છે કે -બાર સદ્ગુણ વાળો બ્રાહ્મણ ભગવાનની ભક્તિથી વિમુખ હોય તે કરતા ભગવાનને મન, વચન, કર્મ, અર્થ, પ્રાણ જેણે અર્પણ કરેલા છે તેવો

ચાંડાલ પણ ઉત્તમ છે. આમ કહેવાનું પ્રયોજન એ છે કે દુરાચારી હોવા છતા સારા નિશ્ચયવાળો છે. તેણે મારી અનન્ય ભક્તિ કરવાનો નિશ્ચય કરેલો છે તે ઉત્તમ છે. ભક્ત હોય કે ગમે તેવો દુરાચારી હોય તો પણ સારો જ છે એનો મતલબ એવો નથી કે ભક્તોએ દુષ્ટ આચરણ કરવું. પરન્તુ ભક્તિની શ્રેષ્ઠતા દર્શાવવામાં આવી છે. બાકી તો ભક્તોએ તો શુભ આચરણ જ કરવું.

“માં હિ પાર્થ વ્યપાશ્રિત્ય યેડપિ સ્યુઃ પાપયોનયઃ
સ્ત્રિયો વૈશ્યાસ્તથા શૂદ્રાઃ તેપિ યાન્તિ પરાં ગતિમ્"
(૯-૩૨)

હે પાર્થ! જે કોઇ પાપીઓ, સ્ત્રીઓ, વૈશ્યો તથા શૂદ્રો હોય તે પણ મારો આશ્રય કરીને પરમ ગતિ પામે છે. ગયા શ્લોકમાં કહી તેવી પ્રતિજ્ઞા કરવાનું કારણ એ છે કે મારો આશ્રય જેણે કરેલો છે તે પછી ગમે તેવા પાપી હોય, ગોપીઓની જેમ અભણ, શાસ્ત્રની અનધિકારી સ્ત્રીઓ હોય, નન્દ વગેરે જેવા વૈશ્યો હોય અથવા વિદુર જેવા શૂદ્રો હોય તો પણ તેઓ પરમગતિ પામે છે.

શ્રીશુકદેવજી હરિના ગુણનું વર્ણન કરતા કહે છે કે કિરાત, હૂણ, આન્ધ્ર, પુલિન્દ,પુલ્કસ, આભીર, યવન, ખસ વગેરે જાતિઓ તથા જે પાપી લોકો છે તેઓ પણ ભગવાનના ભક્તોનો આશ્રય કરવાથી શુદ્ધ થાય છે. તે ઉદાર ભગવાનને વંદન.

રામાયણ દ્રષ્ટા વાલ્મિકીજી પહેલા લૂંટારા હતા. જાતિ, સ્વભાવ, કાર્ય, સંગ, વિચાર સઘળું દોષથી ભરપૂર. એક વખત સપ્તર્ષિનો સંગ થયો. અસર થઇ. તેમની વાત સાંભળી, સમજ્યા, સ્વીકારી, અનુસર્યા, પાપના ભયે લૂંટ છોડી. રામનામ જપવા બેઠા. એકતાન થયા. આ થઇ શરણાગતિ-આશ્રય. માત્ર વાતોથી શરણાગતિ ન થાય, પ્રયત્નથી પરખાય. શ્રદ્ધા હોવા છતા તેમને અજ્ઞાનથી “રામ” ન સમજાય. “મરા”.. “મરા” જપતા રહ્યા. “મરા” સમજાય તેને જ “રામ” સમજાય, “રામ”માં રતિ થાય, “રામ” મળે. “મરા” સમજે નહિ તે “રામ” ભજે નહિ બધે ભટકે છતાં મૃત્યુમાંથી છટકે નહિં.

આવો “મરા” ને સમજીએ..

“- આજ સુધી મેં ભગવાનને ભજ્યા નહિ એટલા માટે ‘મરા’.

- હું હંમેશા સંસારમાં આસક્ત રહ્યો એટલા માટે ‘મરા’.

- સમય, સામર્થ્ય, સંપત્તિનો વ્યય શરીરસુખ માટે કર્યો, ભગવાન માટે કાંઇ કર્યું નહિ એટલા માટે ‘મરા’.

- મારા હૃદયને મેં રાગદ્વેષ-કામક્રોધનો ભંડાર બનાવ્યો, હૃદયને પ્રભુનું મંદિર ન બનાવ્યું એટલા માટે ‘મરા’.”

જેને આ ‘મરા’ સમજાય તે ‘રામ’ ભજે, સંસારવાસના ત્યજે. વાલ્મિકીજીને આમ ‘મરા’ સમજાણું પછી ‘રામ’ સમજાયા. રામાયણના દ્રષ્ટા થયા. રામરસ લાધ્યો. આમ, દુરાચારી સ્ત્રી, શૂદ્ર પણ પ્રભુને અનન્યતાથી ભજે તો તેમને પણ પ્રભુમાં રતિ થાય. રતિથી ઉત્તમ ગતિ મળે. ભક્તિની આ વિશેષતા છે.

એટલા માટે જ તો શ્રીગુસાંઇજી સર્વોત્તમજીમાં શ્રીમહાપ્રભુજીને ‘સ્ત્રીશૂદ્રાદ્યુદ્ધૃતિક્ષમઃ’ કહે છે. કારણ કે શ્રીમહાપ્રભુજી જાણે છે કે સ્ત્રી-શૂદ્રોનો ઉદ્ધાર કરવાનું સામર્થ્ય ફક્ત ભક્તિમાર્ગમાં જ છે કારણ કે સ્ત્રી-શૂદ્રોને સર્વ કર્મના અનધિકારરૂપ દોષ છે તે કોઇ રીતે દૂર કરવાનું શક્ય નથી. શ્રીમદ્આચાર્યચરણે દર્શાવેલ ભક્તિમાર્ગ જ એક એવો છે કે આ દોષ દૂર કરીને ભક્તિનો અધિકાર સંપાદિત કરે છે અને એ પણ સાક્ષાત્ નંદનંદન પૂર્ણ પુરૂષોત્તમ સ્વરૂપના ભજનનો અધિકાર પ્રાપ્ત થાય છે. આનાથી મોટી કોઇ દયાલુતા હોઇ શકે જ નહિ.

આપણા માર્ગમાં આવા ચાંડાલ, અધમ, ઉંચ-નીચ વગેરે જાતિના ઘણા વૈષ્ણવો થયા છે. ૮૪-૨૫૨ વાર્તાઓમાં યવનો, અન્ત્યજો (બલાઇ,

ચહુડા) માછીમાર તેમ જ શૂદ્રો ઇત્યાદિ શરણે આવીને ભક્તિના કારણે ઉચ્ચ કક્ષાએ પહોંચ્યાના દૃષ્ટાન્તો મળી આવે છે.

કેવળ ભક્તિથી ગોપીઓ, ગાયો, હરણા, પક્ષીઓ અને બીજા અનેક મૂઢ જીવો તેમજ સિદ્ધો, નાગો બધા ભક્તિથી ભગવાનને પામ્યા છે તેવું ભાગવતજીમાં છે.

અંતમાં વલ્લભાખ્યાનનું પણ પ્રમાણ જોઇએ કે "જે જીવ જાતિ હોય રે તેને તત્‌ક્ષણ સર્વ સુખ હોય રે."

આમ, બધી રીતે બધાનું કલ્યાણ કરનારી ભક્તિ છે. એમાં કોઇ શંકાની વાત નથી માટે સેવો શ્રીકૃષ્ણ કૃપાળ.

ક્રમશઃ

"માનવદેહ મળતા તેં શું કર્યું?"

શું કર્યું શું કર્યું વિચારે સંસારે આવી
વધાર્યો ભૂમિનો ભાર રે સંસારે આવી
શું થયું થયે રે ધનવાન રે સંસારે આવી
ભજ્યા નહિ ભગવાનરે સંસારે આવી
શું થયું મલ્યું બહુ રૂપ રે સંસારે આવી
નિરખ્યા નહિ વ્રજભૂપ રે સંસારે આવી
શું થયું દીધા બહુ દાન રે સંસારે આવી
થયો નહિ ભક્તિવાન રે સંસારે આવી
શું થયું ફર્યો જગમાંય રે સંસારે આવી
વિચર્યો નહિ વ્રજમાંય રે સંસારે આવી
શું થયું ભણ્યો વેદ ચાર રે સંસારે આવી
સમજ્યો ના ભક્તિનો સાર રે સંસારે આવી
ભક્તિની મહિમા અપાર રે સંસારે આવી
માધુરી સમજ્યો ના સાર રે સંસારે આવી

સંકલન-ગોપી નવનીત વાછાણી, જૂનાગઢ

અમારે કઇક કહેવું છે.

સર્વે વૈષ્ણવોને જય શ્રીકૃષ્ણ.

અમે પ્રતિ રવિવારે પાઠશાલામાં જઇએ છીએ. અમને ત્યાં ખૂબ આનન્દ આવે છે. પાઠશાલામાંથી અમને ઘણું બધુ શીખવા મળે છે. અમને ત્યાં પુષ્ટિપાઠાવલીમાંથી વૈષ્ણવબાલ, મંગલાચરણમ્, શ્રીયમુનાષ્ટકમ્ વગેરે પાઠ ઉચ્ચાર શુદ્ધિથી બોલાવે છે. પાઠશાલામાં અમે તિલક કરીને જઇએ છીએ. તિલક એ આપણા ગૌરવનું પ્રતીક છે. અમે બધા પાઠશાલામાં જઇને શિક્ષકો અને સહઅભ્યાસીઓને જયશ્રીકૃષ્ણ કરીએ છીએ. અમે કંઠી પહેરીએ છીએ.

પાઠશાલામાંથી અમને સારા સંસ્કાર મળે છે. પાઠશાલામાં અમને પુષ્ટિ વૈષ્ણવ ચરિત્રમાંથી ૮૪ વૈષ્ણવોની વાર્તા કહે છે. જેમાંથી અમે પુષ્ટિપથ જાણી અને સમજીને આપણા જીવનને સારું અને સંસ્કારી બનાવી શકીએ. પૂજ્ય ગોસ્વામી શ્રીપીયૂષકુમારજી મહોદય રચિત વૈષ્ણવબાલ ગીતમાંથી ઘણુ જાણવા મળે છે. જેમાં દુર્જનોનો સંગ ન કરવો, અપશબ્દો ક્યારેય ન બોલવા, કંઠીમાલા હંમેશા પહેરવી, બીજા સાથે સારી રીતે વર્તન કરવું, કોઇનું મન દુભાય તેવું ન બોલવું.

શ્રીપુષ્ટિસંસ્કાર પાઠશાલા જે પૂજ્ય ગોસ્વામી શ્રીપીયૂષકુમારજી મહોદય જે અમારા જેવા નાના બાળકો માટે રાત-દિવસ એક કરીને અમને પાઠશાલા તરફ વાળવા માટે અમે આપને કોટિ-કોટિ વંદન કરીએ છીએ. આપશ્રી માટે અમારી પાસે કહેવા જેવા શબ્દો નથી. આપ ધન્ય છો, આપ ધન્ય છો, શ્રીવલ્લભ અને અમે પણ ધન્ય છીએ કે અમને પાઠશાલા તરફ જવાનો લાભ મળ્યો અને અમારા વડીલો પણ અમને પ્રોત્સાહન આપે છે.

બસ એજ આપના ચરણોમાં દંડવત્ પ્રણામ.

હિમાંશી, વૃંદા, ઇશા, નેન્સી
શ્રીપુષ્ટિસંસ્કાર પાઠશાલા સમઢિયાળા(ગીર)

તુલસીવિવાહ....

અનસૂયાબેન ઉકાણી-ઉપલેટા

આપણા ઋષિઓએ તુલસીજીનો મહિમા ખૂબ જ ગાયો છે. તેમણે અનુભવ અને જ્ઞાન દ્વારા તુલસીજીના ગુણો જાણીને મહિમાનું ગાન કરેલું છે. જ્યાં તુલસીજી છે ત્યાં સાત્ત્વિક વતાવરણ બની રહે છે. આ તેનો પ્રધાન ગુણ છે. સ્કંદપુરાણ, બ્રહ્માંડ પુરાણ, પદ્મપુરાણ, બ્રહ્મવૈવતપુરાણ ઉપરાંત આયુર્વેદના તમામ ગ્રન્થોમાં તુલસીજીનું વિસ્તારપૂર્વક વર્ણન જોવા મળે છે.

સ્કંદપુરાણમાં બ્રહ્માજી નારદજી પ્રતિ કહે છે કે જે ભક્ત પુરુષ કાર્તિક મહિનામાં પ્રાતઃસ્નાન કરીને તુલસીદલથી પ્રભુની પૂજા કરે છે તે મોક્ષ પામે છે. જે મનુષ્ય ભાવશૂન્ય છે તે કદાચ સોનાથી પણ પ્રભુની પૂજા કરે છે તો પણ પ્રભુ તેનો સ્વીકાર કરતા નથી. ભગવાનને ભાવ-ભક્તિ જ પસંદ છે. જો કોઇ પ્રેમથી તુલસીના અર્ધા પાનથી પણ પ્રભુ સેવા કરે છે તો પણ પ્રભુ સાક્ષાત્ પધારીને દર્શન આપે છે.

પુષ્ટિમાર્ગમાં આપણો પ્રભુ સાથે સમ્બન્ધ-બ્રહ્મસમ્બન્ધ શ્રીવલ્લભવંશજ દ્વારા પ્રભુના ચરણારવિન્દમાં ગદ્યમન્ત્ર દ્વારા તુલસી સમર્પવાથી શ્રીમહાપ્રભુજીની કાનીથી સિદ્ધ થાય છે.

પુષ્ટિમાર્ગીય સેવા પ્રકારમાં રાજભોગ અને ઉત્સવભોગમાં સામગ્રીમાં તુલસી સમર્પવાનો વિશેષ આગ્રહ છે. પ્રતિદિન રાજભોગ સમયે બ્રહ્મસમ્બન્ધ મન્ત્રથી પ્રભુના ચરણારવિન્દમાં તુલસીદલ સમર્પવાનો પ્રકાર છે.

તુલસીજીમાં શ્રીસ્વામિનીજીના શ્રીઅંગની સૌરભનો ભાવ છે અને તે પ્રભુને ખૂબ પ્યારા છે. તુલસી પતિવ્રતા છે તેથી અન્ય સમ્બન્ધ થવા દેતા નથી. સામગ્રીમાં અન્ય સમ્બન્ધના દોષ નિવારણ માટે સામગ્રીમાં તુલસી પધરાવાય છે. તુલસી પધરાવવાથી શ્રીસ્વામિનીજીનો સમ્બન્ધ થાય છે ત્યારે શ્રીપ્રભુ સામગ્રી અંગીકાર કરે છે. માટે તુલસી દરેક સામગ્રીમાં જરૂર પધરાવવા. તુલસી સોળહજાર કુમારિકાનો પતિભાવ છે તેથી પ્રબોધિનીએ તુલસીવિવાહ થાય છે.

કારતક સુદ એકાદશીને દેવપ્રબોધિની એકાદશી કહેવાય છે, કારણ કે આજને દિવસે ચાર માસ પછી, શંખાસુરને (દૈત્યને) મારીને ક્ષીરસાગરમાં પોઢેલા પ્રભુને જગાડવામાં આવે છે. બધા દેવતાઓ જગાડે છે. દેવનું ઉત્થાપન કરવામાં આવે છે. આજથી ચતુર્માસની સમાપ્તિ થાય છે.

આજના દિવસે પુષ્ટિમાર્ગના સેવા પ્રકારમાં દેવ ઉત્થાપનનાં ભાવથી મંડપમાં પ્રભુને પધરાવવામાં આવે છે તથા શાલિગ્રામજીને પંચામૃત થાય છે.

તુલસીજીનું સંસ્કૃત નામ વૃંદા છે. તુલસીજી જે જગતમાં બધે દેખાય છે તે આધિભૌતિક સ્વરૂપ છે. આધ્યાત્મિક સૃષ્ટિમાં તે લક્ષ્મીજી તરીકે પ્રકટ થાય છે અને આધિદૈવિક સૃષ્ટિમાં વૃંદા શ્રીસ્વામિનીજી-શ્રીરાધિકાજી સ્વરૂપે પ્રકટ થાય છે. આથી તે અનુસાર નંદાલયમાં શ્રીયશોદાજી દેવ જગાવવાની ભાવનાથી શ્રીઠાકુરજીને જગાવે છેઃ

દેવ જગાવત યશોદામૈયા.... ।
તથા આજ પરવ દિન દેવ દિવારી ।
બાગો અતલસ પીરો સોહે
કુલહી શ્વેત સિરધારી ।।
બાબા નંદ જગાય દેવકો
તુલસી કીની હી પુજારી
કર વિવાહ નિશ જાગરન કરકે
દ્વિજનકો દીની દક્ષિનારી ।।
તબહી જસુમતિ કહી વધુનસોં
આજ રત જગો કિજે પ્યારી
યહ સુન બોલે દ્વારકેશ પ્રભુ
હમહુ રાત જગેં મૈયારી।।

લીલા ભાવનામાં વ્રજમાં નિકુંજમાં નંદનંદન શ્રીકૃષ્ણનો વૃષભાન દુલારી શ્રીરાધાજી સાથે

વિવાહખેલ થયાનો પણ ભાવ છે. રાતના જાગરણ કરવામાં આવે છે. તેમાં ચાર યુથાધિપતિની ભાવના છે.

આ રીતે પુષ્ટિમાર્ગમાં પ્રભુની પ્રસન્નતા માટે વિવાહખેલ ઉત્સવ મનાવવામાં આવે છે. દેવપ્રબોધિનીનાં દિવસની આ વિવાહખેલની લીલા આપણા અષ્ટછાપ ભગવદીયો, શ્રીહરિરાયમહાપ્રભુ તથા શ્રીદ્વારકેશજી મહારાજે અનેક પદોમાં ગાઇ છે જેમકે

આનન્દ આજ કુંજ કે દ્વાર ।
સખી સકલ મિલ મંગલ ગાવત
નયનન નિરખત નંદદુલાર ।।
નવ નવ વસન નવલ ભૂષણ,
પહોપ દામ સબ સુભગ શૃંગાર ।
મંડપ મધ્ય બૈઠે મનમોહન,
સંગ લીયે શ્રીરાધાનાર।।
દીપ માલિકા રચિ ચહુ દિશ
જગમગાત અંગજોતિ અપાર।
બાર આરતી યુગલ રૂપ
પર પરમાનન્દદાસ બલિહાર।।
આ રીતે બ્યાહનાં પદો ગાઇને
ઉત્સવ આનન્દથી મનાવાય છે.



માંગવું નહિ

પનારા જ્યોતિબેન - શાપુર

ભગવાન્ પાસે કશું માંગવાનું ન હોય. સકામ પ્રાર્થના કરવી નહિ. પ્રભુ અન્તર્યામી છે. વળી પ્રભુ તો પૂર્ણ વિવેકી પણ છે. કોને શું આપવું, ક્યારે આપવું, શું લેવું અને શું કરવું; એ સારી રીતે પ્રભુ બધું જ જાણે છે. આથી અલ્પ રૂપ જીવે સર્વરૂપ પ્રભુ પાસે કશી માંગણી કરવી જોઇએ નહિ.

પ્રભુ જે જે વસ્તુ આપે તે પ્રેમપૂર્વક સ્વીકારી અને એમાં જ પ્રભુની દયા માનવી. આથી શો લાભ કે હાનિ, શું હાર કે જીત, બધું પ્રભુ તરથથી આવેલ પ્રસાદી રૂપ જ લાગશે.

પ્રભુ કદી ક્યાંય આપણું ખરાબ કરતા જ નથી અને આપણું હિત વિચારીને જ આપણને અમુક વસ્તુ આપે છે કે લઇ લે છે. પ્રભુ વગર માંગ્યે મારા ભક્તને શું જોઇએ છે તે આપીને જ રહે છે, તેથી પ્રભુ પર દૃઢ વિશ્વાસ રાખવો અને વિવેક - ધૈર્ય અને આશ્રય ક્યારે પણ ન છોડવા.

વિશેષ નોંધ

પુષ્ટિમાર્ગીય પ્રકાશન કાર્યમાં સહયોગ આપવાની વૈષ્ણવોની હાર્દિક ઇચ્છાને ધ્યાનમાં લઇને પુષ્ટિ ફાઉન્ડેશન દ્વારા પ્રકાશિત પુષ્ટિસંસ્કાર માસિકપત્રમાં એક પૃષ્ઠ પર નીચેની લાઇનમાં આપના અથવા આપના આત્મીય જનના જયશ્રીકૃષ્ણ લખવાની યોજના પ્રારંભ થઇ ગઇ છે. જેના પ્રતિમાસ એક પૃષ્ઠના ન્યોચ્છાવર રૂપિયા ૧૦૦૧/- રાખવામાં આવેલ છે. વિશેષ માહિતિ માટે પુષ્ટિસંસ્કાર કાર્યાલય - ૦૨૮૫-૨૬૨૧૧૧૧ નો સમ્પર્ક કરવો.

સુંદર રંગ પૂરો...

ગોસ્વામી સૌ. શ્રીપદ્મશ્રીવહુજી



।। श्रीकृष्णाय नमः ।।

बालगोष्ठी
BAL GOSHTHI

OCTOBER - 2013

Compilation
PRAMEY GOSWAMI

बालकोंके लिए लाभदायक औषधियाँ – नीम (NEEM)

नीम का पेड भारत बहुत पाया जाया है । यह स्वाद में कडवा होता है; पर इसके लाभ अनेक हैं । जैसे नीम की दातुन करने से दाँत स्वस्थ रहते हैं । नीम का लेप करने से त्वचा चमकदार बनती है । नीमकी पत्ती को उबालकर उस जल से स्नान करने से शरीर में कभी चर्मरोग नहीं होते । जिस घर के आँगन में नीम का वृक्ष होता है; उसका वातावरण सुंदर होता है । नीम की नींबोरी भी काम आती है ।

Animal particular - OKAPI



The Okapi is found in tropical mountain forest in central Africa. Despite it's Deer-like appearance the Okapi is actually one of the last remaining ancestors of the Giraffe, which is the tallest animal on Earth. Along with having a relatively long neck compared to it's body size, the most striking feature of the Okapi is the horizontal stripes that are particularly visible on their behinds and give this animal an almost Zebra-like appearance. The Okapi is very shy and secretive. Although they are not commonly seen by people, the Okapi is not an endangered species as they are thought to be fairly common in their remote habitats.

पहेली

लोहा खींचू ऐसी ताकत है,
पर रबड मुझे हराता है ।
खोई सूई मैं पा लेता हूँ,
मेरा खेल निराला है ।

उत्तर : चुंबक

શ્રીકૃષ્ણલીલા

જામ્બવતી અને સત્યભામાની સાથે શ્રીકૃષ્ણનાં વિવાહ

ડો. નિરાલી ડી. કોઠારી

સત્રાજિત સત્યભામાનાં પિતા હતા. અને સૂર્યનાં મોટા ભક્ત પણ હતા એકવાર સૂર્ય ભગવાન તેમના પર પ્રસન્ન થઇને સ્યમન્તક નામનો મણિ તેમને ભેટ આપ્યો. આ મણિ આઠ ભાર એટલે કે ચાલીશ મણ (પાંચ મણનો એક ભાર થાય.) સોનું આપતો. આ મણિ દુકાળ, રોગો, રાક્ષસો, અશુભ સ્વપ્નો તથા બીજી વ્યાધિથી દૂર રાખતો.

આ મણિ સત્રાજિતે પોતાના કણ્ઠમાં પહેર્યો અને દ્વારકા આવ્યો. દ્વારકાવાસીઓની આંખો તેના તેજ થી અંજાઇ ગઇ અને તેમને થયું કે સૂર્યનારાયણ; શ્રીકૃષ્ણના દર્શન કરવા દ્વારકા પધાર્યા છે અને આ સમાચાર શ્રીકૃષ્ણને આપ્યા. ભગવાન શ્રીકૃષ્ણ બધુ જ જાણનારા છે. તેમણે કહ્યું એ સૂર્યનારાયણ નહિ પરંતુ સત્રાજિત છે અને તેમણે મણિ પહેર્યો છે તેથી આ તેજ છે. સત્રાજિત પોતાના સમૃદ્ધ ઘરમાં આવ્યા અને બ્રાહ્મણો દ્વારા આ મણિની મન્દિરમાં સ્થાપના કરાવી.

શ્રીકૃષ્ણે એકવાર સત્રાજિતને કહ્યું કે “તમે તમારો મણિ રાજા ઉગ્રસેનને આપી દો” પરન્તુ મણિના લોભને કારણે સત્રાજિતે ભગવાનની આ વાત માની નહિ. એકવાર સત્રાજિતનો ભાઇ પ્રસેન; આ મણિ કણ્ઠમાં પહેરી ઘોડેસવાર થઇ એકલો વનમાં શિકાર માટે ગયો. રસ્તામાં એક સિંહે પ્રસેનને અને ઘોડાને મારી નાખ્યા અને મણિ લઇ લીધો. જમ્બવાને સિંહને જોયો અને જોયુ કે મણિ તેની પાસે છે. આથી મણિ મેળવવાની ઇચ્છાથી તેમણે સિંહને મારી નાખ્યો. પછી જામ્બવાન પોતાની ગુફામાં ગયા. તેમણે પોતાના કુમારને આ મણિ રમવા આપી દીધો.

બીજી બાજુ સત્રાજિતે જોયુ કે પોતાનો ભાઇ અને ઘોડો મરેલા છે અને મણિ પણ ગાયબ છે. તેને થયું કે આ કામ જરૂર શ્રીકૃષ્ણનું હોવું જોઇએ કારણ કે તેમણે મણિ માગ્યો હતો અને મેં આપવાની ના પાડી હતી. પછી બધા પણ આવી વાતો કરતા થઇ ગયા અને છલ્લે શ્રીકૃષ્ણ સુધી આ વાત પહોંચી.

શ્રીકૃષ્ણને દુઃખ થયુ કે મણિ મેં લીધો નથી છતા મારા ઉપર ચોરીનો આરોપ છે ગમે તેમ કરીને તે દૂર કરવો જ જોઇએ. ભગવાને કેટલાક માણસોને સાથે લીધા અને નીકળી પડ્યા. રસ્તામાં તેમણે પ્રસેન અને ઘોડાને મરેલા જોયા, સિંહને મરેલ જોયો, કેટલાક લોકોએ કહ્યુ કે કોઇ રીંછે સિંહને મારી નાખ્યો છે. બાજુમાં રીંછની ગુફા જોઇ ભગવાને સાથે આવેલ માણસોને કહ્યુ કે ‘તમે બાહર જ ઉભા રહો.’ અને ભગવાન ગુફામાં એકલા પ્રવેશ્યા.

ભગવાનને ગુફામાં જોયું કે એક બાળક આ મણિથી રમતું હતું. શ્રીકૃષ્ણ મણિ લેવા માટે બાળકની નજીક ઉભા ત્યાં તો બાળકને રમાડનારી ધાત્રી અજાણ્યા પુરૂષને જોઇ બુમો પાડવા લાગી. બુમો સાંભળતા જ જામ્બવાન ત્યાં આવી પહોચ્યા અને ક્રોધ કરી તથા ભગવાનને સાધારણ મનુષ્ય જાણી તેમની સાથે યુદ્ધ કરવા લાગ્યા. આ યુદ્ધ દિન-રાત સતત અઠ્ઠાવીસ દિવસ સુધી ચાલ્યું અને છેલ્લે જામ્બવાનનું બળ ઘટી ગયું તે વિસ્મય પામીને બોલ્યા કે ‘આપ સાધારણ માનવી નથી સાક્ષાત વિશ્વને રચનાર પરમાત્મા છો.’

આમ જામ્બવાને ભગવાનને ઓળખી લીધા ત્યારે શ્રીકૃષ્ણે કહ્યુ કે આ મણિના કારણે અમારા ઉપર ચોરીનો આરોપ લાગ્યો છે અને એ દૂર કરવા માટે જ અમે આ મણિ લેવા તમારી ગુફામાં આવ્યા છીએ. આ

સાંભળીને જામ્બવાને ભગવાનની સેવા કરવા માટે પોતાની કન્યા કુમારી જામ્બવતીજી તથા મણિ પ્રભુનાં ચરણોમાં સમર્પિત કર્યા. શ્રીકૃષ્ણ, નવવધૂ જામ્બવતીજી સાથે ગુફામાંથી બહાર પધાર્યા. આ સમયે જામ્બવતીજીએ મણિ પોતાનાં કણ્ઠમાં પહેર્યો હતો. દ્વારકાવાસીઓ શ્રીકૃષ્ણ અને તેમના પત્નીને જોઇને ખૂબ જ આનંદિત થઇ ગયા.

પછી ઉગ્રસેનની સભામાં શ્રીકૃષ્ણે મણિ કયાં હતો? તથા તેમણે કઇ રીતે પાછો મેળવ્યો એ કહીને તેને સત્રાજિતને પાછો આપી દીધો. સત્રાજિતે મણિ લઇ તો લીધો પરન્તુ ખૂબ જ લજ્જાથી પોતાનું મુખ નીચુ થઇ ગયું અને પોતે કરેલ ગુનાનું પશ્ચાત્તાપ કઇ રીતે કરવું તે વિચારવા લાગ્યા. આથી તેમણે પોતાની સુન્દર કન્યા સત્યભામા તથા સ્યમન્તક મણિ શ્રીકૃષ્ણને અર્પણ કર્યા. ભગવાન શ્રીકૃષ્ણે સત્યભામા સાથે વિધિવત્ લગ્ન કર્યા. પરન્તુ મણિ લેવાની ના પાડી તેમણે કહ્યું 'આપ સૂર્યનાં ભક્ત છો તેથી આ મણિ આપની પાસે જ રહેશે. પરન્તુ તેનું ફલ અમને પણ મળશે કારણ કે જમાઇ સસરાના ધનનો ભોક્તા હોઇ શકે છે.'

આ રીતે જામ્બવતી અને સત્યભામાની સાથે શ્રીકૃષ્ણના લગ્ન (વિવાહ) થયા.

મારા વ્હાલા શ્રીમહાપ્રભુજી

મારા વ્હાલા શ્રીમહાપ્રભુજી,
સૌના વ્હાલા શ્રીમહાપ્રભુજી,
ગુરૂ અમારા શ્રીમહાપ્રભુજી,
ગુરૂ આજ્ઞા શીશ ધરીશું....મારા.
સમર્પિત ભાવ સદા રાખીશું,
કૃષ્ણસેવા સદા કરીશું,
અન્યાશ્રયનો ત્યાગ કરીશું,
અનન્યતાને સદા વરીશું....મારા.
સુબોધિની ભાગવત રસપાન કરીશું,
દુ:સંગનો ત્યાગ કરીશુ.
પ્યારા પ્યારા શ્રીમહાપ્રભુજી,
સેવાને સ્મરણ સદા કરીશું.
મારા વ્હાલા શ્રીમહાપ્રભુજી,
સૌના વ્હાલા શ્રીમહાપ્રભુજી

ચિતકુમાર ભાડજા
(ખડપીપળી પાઠશાલા)

વ્હાલા રે શ્રીનાથજી....

કૃપા કરી ચરણકમલમાં રાખશોજી, વ્હાલા રે શ્રીનાથજી.
અનાથને આશ્રય આપશોજી, વ્હાલા રે શ્રીનાથજી.
પુષ્ટિ કેરો પંથ પમાડશોજી, વ્હાલા રે શ્રીનાથજી.
કૃપાળું કાયમ કૃપા કરશોજી, વ્હાલા રે શ્રીનાથજી.
શ્રદ્ધાને શ્રેય ટકાવશોજી, વ્હાલા રે શ્રીનાથજી.
ભક્તિ ને ભાવથી ભીંજાશોજી, વ્હાલા રે શ્રીનાથજી.
સેવાને સ્મરણ સ્વીકારશોજી, વ્હાલા રે શ્રીનાથજી.
વંદુ વારંવાર વ્હેલેરા પધારશોજી, વ્હાલા રે શ્રીનાથજી.
ફેરો મારો ફોગટ ન જાયજી, વ્હાલા રે શ્રીનાથજી.
લાગણીથી લાડ લડાવવા દેશોજી, વ્હાલા રે શ્રીનાથજી.
દયા કરી દીનદાસ ને દર્શન દેશોજી, વ્હાલા રે શ્રીનાથજી.

ડી.વી.વાંસજાલીયા,
અમદાવાદ.

પુષ્ટિચિન્તન

હિમાંશુ પાઘડાર-જૂનાગઢ

૧				૨		૩	■	■	૪	
	■	■	■		■		■	■		■
	■	૫				■	■			■
૬		■	■		■	■	■	૭		
■	■	■	૮					■		■
■	૯		■	■	■	■	■	■	■	૧૦
૧૧	■	■	■	૧૨				■	૧૩	
	■	૧૪			■	■	■	■	■	
	■	■	■		■	૧૫			■	
	■	૧૬			■	■	■	■	■	■
■	■	■	■		■	૧૭				

આડી ચાવી :

(૧) શ્રીસર્વોત્તમસ્તોત્રની બૃહત્ સંસ્કૃત ટીકા અને ૮૪-૨૫૨ની વાર્તા જેવું અણમોલ સાહિત્ય પ્રકટ કરનાર શ્રીવલ્લભકુળના વિદ્વાન આચાર્ય...(૭)

(૪) પાંચ પાંડવો અને પરમ યોદ્ધા એવા કર્ણના માતા...(૨)

(૫) આચાર્ય શ્રીવલ્લભાચાર્યજી વિરચિત ગ્રન્થ...(૪)

(૬) માહાત્મ્ય જ્ઞાન પૂર્વક સુદૃઢ, સર્વથી અધિક સ્નેહ એટલે...(૨)

(૭) અષ્ટસખા શ્રીગોવિન્દ સ્વામી નિકુંજલીલામાં પ્રભુના આ સખા છે.(૩)

(૮) બાલલીલાનાં પ્રસંગમાં શકટભંજન લીલામાં વ્રજસીમન્તિનીઓને દર્શન દ્વારા માહાત્મ્ય જ્ઞાનનું અને વાત્સલ્યરસનું પોષણ કરનાર સ્વરૂપ...(૫)

(૯) જે સુખ અભિલાષા માત્રથી પ્રાપ્ત થાય છે, તે સુખને.........કહે છે, તેની કામનાવાળાએ જ્યોતિષ્ટોમયજ્ઞ કરવો, પરન્તુ તેના નિવાસીઓનું આયુષ્ય એક એક કલ્પનું હોય છે.(૨)

(૧૨) વિતલ નામના પાતાળમાં પવિત્ર કિર્તી વાળા વિરોચનના પુત્ર........નો નિવાસ છે.(૪)

(૧૩) ગંગાદશમીના દિવસે ઉજવાતો મનોરથ...(૨)

(૧૪) શ્રીકૃષ્ણનું પરમ પ્રિય ઉપનામ...(૩)

(૧૫) પ્રભુના ગુણો ગાવાનું મન થાય છે તો નવધા ભક્તિમાં ....માં રસ દાખવો છો.(૩)

(૧૬) પુષ્ટિમાર્ગનાં પાંચ તત્ત્વોમાંથી પંચમ તત્ત્વ...(૩)

(૧૭) પ્રભુએ પુષ્ટિજીવોનો ભૂતળ પર જન્મ પોતાની (શ્રીકૃષ્ણની)..........માટે કર્યો છે.(૫)

ઉભી ચાવી :

(૧) પુષ્ટિમાર્ગનાં પાંચ તત્ત્વોમાંથી પ્રથમ તત્ત્વ રૂપ...(૪)

(૨) શ્રીઠાકોરજીને બીરી માટે અંગીકાર કરવામાં આવતા પાન...(૫)

(૩) પ્રભુ સર્વજ્ઞ છે, ...અલ્પજ્ઞ છે.(૨)

(૪) પ્રભુનાં શ્રીઅંગમાં હૃદયનું સ્થાન પામનાર અષ્ટસખા...(૫)

(૧૦) સર્વત્ર વ્યાપક ભગવાન્ સ્વઇચ્છાથી યોગમાયાથી ઢંકાયેલા છે, તેઓ સ્વઇચ્છાથી માયાને દૂર કરી પ્રકટ થાય છે, તે ....છે.(૪)

(૧૧) શ્રાવણ વદ આઠમનો ઉત્સવ...(૪)

(૧૨) વસુદેવના પત્ની રોહિણીજીના પુત્ર...(૪)

ઉત્તર

આડી ચાવી: (૧)શ્રીગોકુલનાથજી (૪)કુંતી (૫)નવરત્ન (૬)ભક્તિ (૭)શ્રીદામા (૮)બાલકૃષ્ણજી (૯)સ્વર્ગ (૧૨)બલિરાજા (૧૩)નાવ (૧૪)ગોપાલ (૧૫)કીર્તન (૧૬)વૈષ્ણવ (૧૭)સ્વરૂપસેવા

ઉભી ચાવી: (૧)શ્રીવલ્લભ (૨)નાગરવેલ (૩)જીવ (૪)કુંભનદાસ (૧૦)અવતાર (૧૧)જન્માષ્ટમી (૧૨)બલદેવજી

ષોડશગ્રન્થપરિચય

પંચપદ્યાનિ

ચંદ્રિકાબેન નરશાણા-જૂનાગઢ

આપણે બધા ઓછા - વત્તા પ્રમાણમાં કથા શ્રવણ કરતા હોઇએ છીએ. પરન્તુ કથા શ્રવણનું જે ફલ મળવું જોઇએ તેનાથી વંચિત રહી જઇએ છીએ. તાવથી પીડિત દરદીની જીભમાં કડવાશ હોવાને કારણે જે રીતે તેને ભોજનનો સ્વાદ આવતો નથી તે જ રીતે કથા-શ્રવણમાં યોગ્ય લાયકાત કેળવ્યા વગર માત્ર કથા કરવાથી તે ફલિત થતું નથી. કથા માટેના યોગ્ય વક્તાનું સ્વરૂપ જલભેદ માં બતાવ્યા પછી શ્રોતાના સાચા સ્વરૂપનું નિરૂપણ કરવા માટે શ્રીઆચાર્યચરણે જલભેદ પછી તરત જ ૧૩મા ક્રમે પંચ-પદ્યાનિ ગ્રન્થની રચના કરી છે. આ ગ્રન્થ કોના માટે અને ક્યાં લખાયો હશે તે અજ્ઞાત છે. પાંચ શ્લોકના બનેલા આ ગ્રન્થનું શીર્ષક શ્લોકોની સંખ્યા ઉપરથી નક્કી કરવામાં આવ્યું છે.

શ્રોતા ભક્તને પોતાની ભક્તિની વૃદ્ધિ માટે શ્રવણમાં ઉપયોગી વક્તાની જરૂર છે તે રીતે વક્તાને પણ પોતાની ભક્તિ માટે, ભાવની વૃદ્ધિ માટે ઉત્તમ શ્રોતા અનિવાર્ય છે. આ માટે શ્રોતાનું સ્વરૂપ સમજાવતો ગ્રન્થ તે પંચ-પદ્યાનિ ગ્રન્થ છે. પુષ્ટિભક્તિનું બીજ પુષ્ટિભક્તના હ્રદયમાં શ્રીઠાકોરજીની કૃપાથી રોપાયું હોય છે. તે બીજની દ્રઢતા અને માવજત કઇ રીતે કરવા? તે બીજને અંકુરિત, પુષ્પિત અને ફલિત કઇ રીતે બનાવી શકાય? આ બન્ને પ્રશ્નોના જવાબમાં શ્રીવલ્લભે ભગવદ્ કથાનું શ્રવણ - કીર્તન કરવાની આજ્ઞા કરી છે. ઉત્તમ વક્તા અને ઉત્તમ શ્રોતાની અનિવાર્યતા બતાવી છે. જલભેદમાં ઉત્તમ વક્તાનો પ્રકાર બતાવ્યા પછી આ ગ્રન્થમાં ઉત્તમ શ્રોતાનું વર્ણન છે. અહીં શ્રીમહાપ્રભુજી માત્ર પુષ્ટિમાર્ગીય શ્રોતાની જ વાત કરે છે. કારણ કે ષોડશ ગ્રન્થો માત્ર પુષ્ટિમાર્ગીય માટે જ છે.

પુષ્ટિમાર્ગીય જીવોના ત્રણ પ્રકાર (૧)પુષ્ટિ-પુષ્ટિ (૨)પુષ્ટિ-મર્યાદા (૩)પુષ્ટિ-પ્રવાહી. (સવિસ્તાર પુષ્ટિ પ્રવાહ મર્યાદા ભેદ ગ્રન્થમાં છે.)

પુષ્ટિમાર્ગીય જીવો ભક્તિ-માર્ગીય અને શરણ માર્ગીય બને છે. શરણ-માર્ગીયો દ્વારા સ્વરૂપ સેવાનો નિર્વાહ નથી થઇ શક્તો પરન્તુ કથા શ્રવણમાં તેમની અનન્ય રુચિને કારણે આવા શ્રોતાઆને શરણમાર્ગના ઉત્તમ શ્રોતા કહ્યા છે. કારણ કે કેવળ ભગવદ્ કથાના સ્મરણ-શ્રવણ-કીર્તનની પ્રણાલી અપનાવવાથી પણ પ્રેમ-આસક્તિ-વ્યસન, સર્વાત્મભાવ યા અલૌકિક સામર્થ્ય આદિના ક્રમિક પગથિયા પર ભક્તિનું આરોહણ શક્ય બની જાય છે.

પુષ્ટિ-પુષ્ટિ જીવ છે તે ઉત્તમ અધિકારી છે. પુષ્ટિ-મર્યાદા જીવ છે તે મધ્યમ અધિકારી છે. પુષ્ટિ-પ્રવાહી જીવ છે તે હીન અધિકારી છે.

શ્રવણોત્સુકતા બે પ્રકારની હોઇ શકે છે. પ્રમાણ-શાસ્ત્રમાં રુચિ હોવી એ શબ્દ નિષ્ઠા છે અને પ્રમેયમાં (ભગવાનના સ્વરૂપ, ગુણ અને લીલા) રુચિ હોવી તે અર્થ નિષ્ઠા છે.

જેને શબ્દ નિષ્ઠા અને અર્થ નિષ્ઠા બન્નેમાં રુચિ છે તે ઉત્તમ અધિકારી શ્રોતા કહેવાય છે. કથા શ્રવણમાં ઉત્કટ રુચિ ન હોય તો પણ સામાન્ય રુચિ ધરાવનાર તથા શબ્દ નિષ્ઠા પર ભાર દેવા વાળા શબ્દ નિષ્ઠ જિજ્ઞાસુ (અર્થમાં પ્રેમના અભાવથી) મધ્યમ અધિકારી જ્ઞાની જેવા શ્રોતા કહેવાય છે, તે જ રીતે માત્ર અર્થ નિષ્ઠાવાળા (શબ્દ નિષ્ઠાના અભાવમાં અજ્ઞાનવશ)પણ મધ્યમ અધિકારી શ્રોતા

ગણાય છે. અને જેને શબ્દ નિષ્ઠા નથી અર્થ નિષ્ઠા પણ તીવ્ર નથી એવા સામાન્ય રુચિ વાળા જ્ઞાન અને પ્રેમ રહિત શ્રોતાઓને કનિષ્ઠ યા અધમ કોટિના શ્રોતા કહેવાય છે.

કૃષ્ણ સેવાની સાથે સાથે નિરન્તર કથા પક્ષને નિભાવે તેને ઉત્તમ શ્રોતા કહ્યા છે. નિરન્તર માત્ર કથા પક્ષ જ નિભાવે તે મધ્યમ પરન્તુ ક્યારેક ક્યારેક સત્સંગ ભગવદ્‌કથા કરી લે તેને હીન અધમ શ્રોતા કહ્યા છે.

બુદ્ધિથી થતું શ્રવણ એ શ્રવણ ધર્મ છે. જ્યારે પ્રેમપૂર્વક, આસક્તિપૂર્વક અને વ્યસનપૂર્વક થતું શ્રવણ એ ફલાત્મક શ્રવણ બને છે.

શ્રીકૃષ્ણના રસ વડે જેમનું મન વિક્ષિપ્ત થયેલું છે, ઘેરાયેલું છે, બીજે ક્યાંય જતું અટકે છે, ભગવાનની સાથે આંતર-રમણ કરે છે, મતલબ લોક-વેદમાં તે અસ્વસ્થ છે અને શ્રવણમાં ઉત્સાહ વાળા છે તે મુખ્ય અધિકારી શ્રોતા છે.

જેનું મન ભગવાનમાં સ્નેહ-યુક્ત છે, ભગવાનના સ્મરણથી વિહ્‌વળ છે અને શ્રવણમાં ઉત્સાહ વાળા છે, પરન્તુ કોઇ પ્રયોજન માટે , હેતુ માટે નિષ્ઠા વાળા છે, સોપાધિક ભાવ વાળા હોય છે તે મધ્યમ અધિકારી શ્રોતા છે.

સંદેહરહિત થઇને શ્રીકૃષ્ણ તત્વને સર્વભાવ વડે જેઓ જાણે છે તેઓ ભગવાનના આવેશથી અથવા ગુણગાનમાં નિરોધ થવાથી વિકળ થાય છે અથવા થતાં નથી. પૂર્ણ ભાવ વડે કોઇ વખત પૂર્ણ અર્થ વાળા હોય છે (હંમેશને માટે હોતા નથી.) કેટલાક બીજામાં આસક્તિ વાળા હોય છે તે અધમ અધિકારી શ્રોતા છે.

ધર્મના છ હેતુરૂપ અંગો અત્યારના આ કલિકાલમાં શુદ્ધ રહ્યા નથી, એવી શ્રીમહાપ્રભુજીએ શ્રીકૃષ્ણાશ્રય ગ્રન્થમાં આજ્ઞા કરી છે અને તેથી શ્રીકૃષ્ણ જ મારી ગતિ છે એવું સતત આંતર-રમણ રહ્યા કરે તો કથા પક્ષ જરૂર ફલિત થાય છે. ભગવાનની લીલાના શ્રવણ માત્રથી ભગવદ્ સંબંધી કથાની અરૂચિ અને વિવિધ તૃષ્ણાઓ દૂર થાય છે અને જીવના અંતઃકરણમાં શુદ્ધતા આવે છે, અંતઃકરણ શુદ્ધ થતા તેમાં પ્રભુ બિરાજે છે અને પ્રભુના શ્રીચરણોમાં ભક્તિ અને તેમના ભક્તોમાં પ્રેમ થાય છે. આવી આ ભગવદ્ કથાના પાંચ પરિણામો શ્રીવલ્લભે બતાવ્યા છે.

(૧) ભગવાનના ચરિત્રમાં અરુચિની નિવૃત્તિ
(૨) ભક્તિનું પ્રાગટ્ય
(૩) સાંસારિક તૃષ્ણાની નિવૃત્તિ
(૪) સાત્ત્વિકતા-અંતઃકરણની શુદ્ધિ
(૫) ભગવદીયોના સત્સંગરૂપ સખાની વૃદ્ધિ.

પરન્તુ અત્યારના આ વર્તમાન સમયમાં તો વ્યવહારવશ, સંયોગવશ, અવકાશવશ, પ્રતિષ્ઠાવશ, પ્રમાદવશ, શરમ-સંકોચવશ, અહંકાર અશાંતિ-દુઃખ વગેરેથી વિવશ દશાથી કથા સાંભળનારો મોટો વર્ગ છે. આચાર્યચરણને અભિપ્રેત કૃષ્ણપ્રેમામૃતનું પાન કરનારા કદાચ સીમિત થઇ રહ્યા છે. શ્રીમહાપ્રભુજીના ચરણકમલનો દઢ આશ્રય કરી રહેનારા પુષ્ટિજીવો ઉપર તો હંમેશા તેમની કૃપા વરસે છે. તો આપણને સૌને શ્રીમહાપ્રભુજી તેમના વાઙ્મય સ્વરૂપમાં રુચિ કરાવીને ઉત્તમ શ્રોતા બનવાનો અધિકાર કરાવે તેવી દાસભાવથી વિનન્તી કરીએ.

પંચમપુત્ર શ્રીરઘુનાથજી.....

નરોત્તમભાઇ તન્ના-બાંટવા

શ્રીનામરત્નાખ્યસ્તોત્રનારચયિતા શ્રીગુસાંઇજીના પંચમ પુત્ર શ્રીરઘુનાથજી છે.

આપશ્રીનું પ્રાકટ્ય અલ્હાબાદ નજીક શ્રીયમુનાજીના કિનારે આવેલા અડેલ ગામે વિ.સં. ૧૬૧૧ (ઇ.સ.૧૫૫૪) ના કારતક સુદ બારસને ગુરૂવારે થયું હતું.

તેમનું શ્રીઅંગ પુષ્ટ અને સ્વરૂપ ગૌર હતું. કેશ વાંકડીયા હતા. કેસરી ધોતી ઉપરણા અને ભારે શૃંગારથી અતિ શોભાયમાન લાગતા અઢાર પુરાણો અને અઢાર ઉપપુરાણોમાં પ્રવીણ હતા. ઘરમાં સૌ આપને 'રામચંદ્ર'ના નામે બોલાવતા.

આપશ્રીમાં શ્રીઠાકોરજીનો 'શ્રી' ગુણ પ્રકટ હતો. આપશ્રીના લગ્ન શ્રીજાનકીજી વહુજી સાથે થયા હતાં. આપશ્રીને પાંચ પુત્રો હતા. આપશ્રીના સૌથી મોટા પુત્ર શ્રીદેવકીનંદજી હતા.

આપશ્રીને શ્રીગુસાંઇજીમાં પરમ આસક્તિ હોવાથી આપશ્રીએ શ્રીગુસાંઇજીના અનેક સ્તોત્રો રચ્યા છે. તેમાં શ્રીવિઠ્ઠલેશ સ્તવન મુખ્ય છે. આપશ્રીએ ષોડશ ગ્રન્થ, શ્રીસર્વોત્તમસ્તોત્ર, શ્રીપુરૂષોત્તમનામસહસ્ર પર ટીકાઓ લખી છે.

શ્રીરઘુનાથલાલજીની બાલ્યાવસ્થાનો એક પ્રસંગ છે. એક દિવસ શ્રીગુસાંઇજી શ્રીનાથજીના શૃંગાર કરતા હતા. આપશ્રીના બાલકો ત્યાં હાજર હતા. તેમાં સૌથી નાના શ્રીરઘુનાથજી હતા. શ્રીગુસાંઇજીને શૃંગારની એક પેટીની જરૂર પડી. તે શય્યા મંદિરમાં હતી. આપશ્રીએ આજ્ઞા કરી, 'મંજુષામાનય' (પેટી લાવો). શ્રીરઘુનાથજી તદ્દન નાના બાળક હતા. સંસ્કૃત ન જાણે છતા બાલ સહજ ઉત્સાહમાં દોડ્યા. શય્યા મંદિરમાં તો ગયા પણ શું લઇ જવું તેની સમજ ન પડી. ખાલી હાથે પાછા જાય તો મોટા ભાઇઓ મશ્કરી કરે. તેઓ મુંઝાયા. પરિણામે રડવા લાગ્યા. શ્રીનાથજી અને શ્રીમહાપ્રભુજીએ અલૌકિક સ્વરૂપે આપને દર્શન આપી શાંત કર્યા. શૃંગારની પેટી લઇ જવા આજ્ઞા કરી. પોતાના વરદ હસ્ત તેમના મસ્તકે પધરાવ્યા.

તરત જ શ્રીરઘુનાથજીના મુખમાંથી આપોઆપ શ્રીનામરત્નાખ્યસ્તોત્ર પ્રકટ થયું. તેઓ પેટી લઇ આ સ્તોત્ર ગાતા ગાતા શ્રીનાથજીના નિજ મંદિરમાં પધાર્યા. તેમના મુખથી ગવાતા આ સ્તોત્રને સાંભળી શ્રીગુસાંઇજી અને અન્ય બાળકો ખૂબ પ્રસન્ન થયા.

આ સ્તોત્રમાં શ્રીગુસાંઇજીના ૧૦૮ નામ છે. પ્રત્યેક નામમાં તે નામના અર્થ અનુસાર લીલા વિશિષ્ટ સ્વરૂપે શ્રીગુસાંઇજી બિરાજમાન છે. શ્રીગુસાંઇજીના ૧૦૮ નામો રૂપી અલૌકિક ૧૦૮ રત્નો નીકળ્યા. આ અલૌકિક નામો રૂપી ૧૦૮ સૂર્યરત્નો ભક્તોના હૃદયકમળોને ભક્તિથી અજવાળે છે અને વિકસાવે છે. તેમની અવિદ્યાના અંધકારનો નાશ કરે છે. તેમના ભાવસાગરમાં ભગવદ્ભાવની ભરતી લાવે છે.

શ્રીરઘુનાથલાલ કી જય....

"જય શ્રીકૃષ્ણ"

આત્મીય માનદ પ્રતિનિધિઓ...

ગોસ્વામી શ્રીકિશોરચન્દ્રજી મહારાજશ્રીની પ્રેરણા એવમ્ ગોસ્વામી શ્રીપીયૂષબાવાશ્રીના માર્ગદર્શનમાં **"પુષ્ટિ સંસ્કાર"** ચતુર્થ વર્ષમાં ખૂબજ સુન્દર રીતે આગળ વધી રહ્યુ છે. આપ સર્વેને જણાવવાનું કે **"પુષ્ટિ સંસ્કાર"** માસિકનું પાંચમા વર્ષનું વાર્ષિક લવાજમ પ્રતિ વર્ષની જેમ આ વર્ષે આપણે ડિસેમ્બર મહિનાથી શરૂ કરવાના હોય, નવેમ્બર માસમાં દરેક પ્રતિનિધિશ્રીઓએ આપણા જુનાગઢના મુખ્ય કાર્યાલયનો સમ્પર્ક કરવો. તેમજ "પુષ્ટિસંસ્કાર" માં જે વૈષ્ણવો પ્રતિનિધિ બનવા માંગતા હોય તેઓએ મુખ્ય કાર્યાલય નંબર ૦૨૮૫-૨૬૨૧૧૧૧ પર સમ્પર્ક કરશોજી.

- તન્ત્રી

વ્રજયાત્રા : હૃદયશુદ્ધિનું સાધન

નિત્યલીલાસ્થ ગોસ્વામી શ્રીપુરૂષોત્તમલાલજી મહારાજશ્રી (જુનાગઢ)ના વચનામૃત



વ્રજયાત્રાનું આપણું આ ચોથું મુકામ છે. મધુવન, શાંતનકુંડ, બહુલાવન અને ચોથું મુકામ આ કુસુમસરોવર છે. શ્રીદામોદરલાલ શ્રીમદનમોહનલાલ અને શ્રીગિરિરાજજીની કૃપાથી આપણી યાત્રા નિર્વિધ્ને પૂર્ણ થશે.

તમે મારા પરિશ્રમની બાબતમાં કહો છો, પણ તમારા સહકારથી મને ઓછામાં ઓછો શ્રમ પડે છે. આ ક્રમ ચાલશે તો જે નિયમ લઇને આપણે આવ્યા છીએ તે સફળ થશે.

બહુલાવનથી ચાલતા ચાલતા મને એક વાત યાદ આવીઃ આપણે સિનેમામાં આગળ વધ્યા, ઘોડાગાડી પછી મોટર અને એરોપ્લેન સુધી તથા ટોકીથી લઇને ટેલીવિઝન સુધી આપણે પ્રગતિ કરી, સ્પીડમાં સ્પીડી બનવાનો આપણે પ્રોગ્રેસ કર્યો. આવા પ્રોગ્રેસના જમાનામાં પગે ચાલવાની પીડા શા માટે ? ઘરનાં સુખ સગવડના સાધનો મુકીને આપણે અહીં શા માટે આવ્યા છીએ ?

આ વ્રજયાત્રા આપણી હૃદયશુદ્ધિ માટે કરીએ છીએ. પણ હૃદયશુદ્ધિ માટે કાંટા-કાંકરામાં અને અસહ્ય તાપમાં ચાલવા સિવાય બીજો કોઇ માર્ગ નથી? આપણને કાંટા- કાંકરા ન વાગે તે માટે એક એવું ડિપાર્ટમેન્ટ ખોલવું જોઇએ કે અહીં વ્રજમાં પણ આપણને સુખ સગવડ મળી શકે.

આને માટે જાપાન, રૂસ, જર્મની કે યુનોમાં એપ્લિકેશન કરવી જોઇએ કે અમારી હૃદયશુદ્ધિ કરવાનો કોઇ ઉપાય બતાવો! ત્યાંના કે આપણા દેશના વૈજ્ઞાનિકો હૃદયશુદ્ધિનો એવો કોઇ ઉપાય બતાવે તો આ માથાકુટ મટી જાય ! સરલ અને સસ્તો ઉપાય શોધી કાઢવો જોઇએ.

ઉંડો વિચાર કરતા જણાય છે કે, ઉપરનો મેલ કાઢવા માટે આપણે સાબુનો ઉપયોગ કરીએ છીએ તેમ આને માટે કોઇ ઉત્તમ સાબુની શોધ કરવી જોઇએ. સાબુઓમાં જેમ સનલાઇટ, ૫૦૧ વગેરે વખણાય છે તેમ એવા કોઇ સરસ સાબુની-સાધનની શોધ કરવી જોઇએ કે જેથી હૃદયશુદ્ધિ થઇ શકે. તેમ માનો છો કે હૃદયશુદ્ધિ માટે એવો સાબુ શકિતમાન થઇ શકે?

હૃદયના મેલ ધોવા માટે તો **ભગવન્નામ** વિના બીજા કોઇ સાધનની શક્તિ નથી, કોઇ વિજ્ઞાનની પણ શક્તિ નથી. હૃદયની અશુદ્ધિનાં તત્ત્વો શું, એ પહેલાં સમજવું જોઇએ. અહંતા મમતા જ હૃદયની અશુદ્ધિનું કારણ છે. હૃદયમાંથી અહંતા મમતા ગઇ કે શુદ્ધિ જ છે.

આપણે ભગવલ્લીલાસ્થ વ્રજમાં આવ્યા છીએ, એ ન ભૂલવું જોઇએ. અહીં આવ્યા પછી પણ અહંતા મમતા આપણને ભગવલ્લીલાનાં દર્શન થવા દેતી નથી. શ્રીમહાપ્રભુજીએ બેઠકો દ્વારા આપણને વ્રજ માહાત્મ્યનું જ્ઞાન કરાવ્યું છે. આ વિરાટ ભૂમિના સ્પર્શ દ્વારા જ અહંતા-મમતા દૂર કરી આત્મશુદ્ધિ કરી શકીએ છીએ. વ્રજરજનો સ્પર્શ થવા છતાં પણ જો આપણી અહંતા મમતા દૂર ન થાય તો જાણવું કે આપણે વ્રજનું માહાત્મ્ય જ નથી સમજયા. આપણે એટલું તો માનવું જ પડશે કે શ્રીઆચાર્યચરણની કૃપાથી આપણે વ્રજમાં આવ્યા છીએ અને એક જ કુટુંબના સભ્યોની જેમ વ્રજયાત્રા કરીએ છીએ. આપણે પ્રભુને પ્રાર્થીશું કે વ્રજવાસીઓને સ્વરૂપજ્ઞાન પહેલાં કરાવે અને પછી આપણને કરાવે.

શ્રીઆચાર્યચરણની કૃપાથી જ ભગવત્કૃપા થશે. માટે આપણે એઓશ્રીને વિજ્ઞપ્તિ કરીશું કે, આપ અમારા ઉપર કૃપા કરો. જયાં અમે ભૂલ કરતા હોઇએ, ત્યાંથી અમને પાછો વાળો અમને બચાવો. આપણી ઉપર આપણી યાત્રા ઉપર શ્રીદામોદરલાલજીની કૃપાનું છત્ર છે, તેથી બધું સુગમ થશે.

(કુસુમસરોવર
-સંવત્ ૨૦૧૦ ભાદરવા સુદ - ૧૫)
ઉજ્જવલ આચાર્યપરમ્પરા
પુસ્તકમાંથી સાભાર.

અહો વિધના તોપે અઁચરા પસારી માઁગો
જન્મ જન્મ દીજે યા હિ વ્રજ બસિવો ।
અહીરકી જાતિ સમીપ નન્દઘર
ઘરી ઘરી ઘનશ્યામ હેર હેર હઁસવો ।।૧।।
દધિકે દાન મિસ વ્રજકી વિથનમેં
ઝકઝોરન અંગ અંગ કો પરસવો ।
છીતસ્વામી ગિરિધરન શ્રીવિઠ્ઠલ
શરદ રૈન રસરાસકો બિલસવૌ ।।૨।।

ગોસ્વામી શ્રીપુરૂષોત્તમલાલજી મહારાજશ્રીનું
વ્રજયાત્રા માટે જૂનાગઢથી પ્રસ્થાન

ગોસ્વામી શ્રીપુરૂષોત્તમલાલજી મહારાજશ્રીની
અવિસ્મરણીય વ્રજયાત્રા

શ્રીગોકુલનાથજીના વચનામૃત

સંકલન : ક્રિષ્નાબેન મારવાણીયા - મોરબી

વચનામૃત - ૩

અબ તીસરો વચનામૃત શ્રીગોકુલનાથજી કલ્યાણભટ્ટસો કહત હેં :- જો વૈષ્ણવકોં સદા પ્રસન્ન રહનો, ઔર દુઃખ સુખ દોઉન કો એક બરાબર કરિકે જાનનો. સુખ તેં હર્ષ હોય ઓર દુઃખ તે કલેશ હોય સો ન કરનો ઓર વૈષ્ણવ તે દીન હોય, પ્રીતિ રાખે ઓર અહર્નિશ શ્રીજીકો ધ્યાન રાખે, દ્રવ્યાદિક કૂં સુમાર્ગમેં, ગુરૂસેવા, વૈષ્ણવ સેવામેં ઉઠાવે. ઓર અપને શરીર ભોગાર્થ ન ઉઠાવેં ઓર લોકિક વૈદિક આવશ્યક હોય તો સંકોચ સહિત પ્રભુકોં દિખાય આજ્ઞા લઇ ઉઠાવેં. ઓર વૈષ્ણવ પાસ માન છોડીકેં જાય. ઓર નિઃશંક હોયકેં ભગવદ્સ્મરણ કરે. જહાં ભગવદ્ વાર્તામેં સંકોચ હોય, તહાં ભગવદ્ધર્મ ન બઢે, ઓર સંદેહ રહે, તાતે સંદેહકી નિવૃત્તિ હોય તહાં પ્રીતિ બઢે ઓર જ્ઞાન હોય, ઓર કાહુકો બુરો ન હોય. દુઃખમેં ધીરજ ધરે. તાકો ઉત્તમ વૈષ્ણવ જાનનો યા, પ્રકાર શ્રીગોકુલનાથજી કલ્યાણભટ્ટ પ્રતિ આજ્ઞા કિયે હૈ.

ઇતિ શ્રીગોકુલનાથજીકૃત તીસરો વચનામૃત સંપૂર્ણમ્.

વચનામૃત - ૪

અબ શ્રીગોકુલનાથજી વૈષ્ણવનકો ચોથો લક્ષણ કહેતહેઃ જો ભગવદિયકો ક્રોધ ન કરનોં, તાકો કારણ યહહે. જો ક્રોધ હે સો ચાંડાલકો સ્વરૂપ હે. સો જહાં ક્રોધ હોય તહાં ભગવદ્ધર્મ તથા ભગવાન ન રહે. ક્રોધ હોત હે તબ ભગવદ્ભાવ જાત રહતહે. ઓર ક્રોધ હેં સોં અગ્નિરૂપ હે, સો ક્રોધાવેશસેં અશુદ્ધ રહત હૈં, જેસે ચાંડાલકે સ્પર્શતેં સચૈલ સ્નાન કરનોં પડે એસો યે દુરાચારી હેં. સો ક્રોધતેં જીવકો સચૈલ સ્નાન કરનો પડે, નહિ તો હાથ પાંવ તો ધોવને, ઓર સોલ્હે કુલ્લા (કોગળા) કરને, ચરણામૃત લેઇ મન શાંત હોય તબ ક્રોધાવેશતેં છુટે. તાતેં ભગવદ્ધર્મ, ભગવદ્સ્મરણ પવિત્ર હોય કેં કરે, ઓર ક્રોધાવેશમેં દેહ છુટે તો નર્કમેં પડે, તથા અધોગતિ હોય, કયોં જો. “તામસાનામ્ અધોગતિઃ”

ઓર વિના કારણ, ભગવદ્સેવા સમ્બન્ધ વિના ક્રોધ કરે તો શ્વાન યોનિ પાવે. ઓર લોભતેં કાહુકો દ્રવ્ય ચુરાવે ઓર ક્રોધ કરત હે સો સર્પયોનિકું પાવત હેં, ઓર કોઇ વૈષ્ણવસોં ઈર્ષા કરકે ભગવદ્ધર્મ, કીર્તન આદિમેં પ્રતિબંધ કરિકેં છુડાવેં, સો વહ કુંભીપાક નરકકો કીડા સાઠ હજાર વર્ષ તાંઇ હોત હે, પાછેં સુકર, કુકર, સર્પ ઇત્યાદિક યોનિકું પાવેં હે. તાતે ભગવદ્ધર્મ સમ્બન્ધી વાર્તા સાધારણ હોય તાસોં વિઘ્ન ન કરનોં, ઓર જો ક્રોધ ઈર્ષા કરિકેં નર્ક મેં પડતહે, ઓર ઈર્ષા તથા ક્રોધતેં કાહુકો વિષ દેત હેં, અથવા જલમેં ડુબાવત હેં, તથા શસ્ત્ર લે આપઘાત કરત હેં, સો નર્ક ભોગકે સર્પ યોનિકું પાવત હેં. તિનસોં દશગુણો પ્રાયશ્ચિત કરતહેં તબ શુદ્ધ હોત હેં. ક્રોધ સઘરે ધર્મનમેં બાધક હેં. મહા દુર્બુદ્ધિ હોય કે અજ્ઞાનતેં કરત હેં. તાતેં મન લગાયકે ક્રોધકો નિવારણ કરનો. સો ભગવદ્ ઇચ્છારુપી ખડગતેં દૂર કરે.

ગુરૂકી નિંદા કરે, તથા કઠિન વચન બોલે સો મુસક હોય, પાંછે સર્પ યોનિકું પાવે હે, તા પાંછે પ્રેતયોનિ પાવત હેં ઓર ભગવદ્ અર્થ વિના માતા પિતા સો ક્રોધ કરત હેં તિનકો સઘરો સુકૃત ધર્મકો નાશ હોત હૈ. યા પ્રકાર શ્રીગોકુલનાથજી, આપ કલ્યાણભટ્ટસો આજ્ઞા કિયે હેં. સો ક્રોધકો મહા દોષ હે. સો કહેતે પાર ન આવેં, તાસું યાસો સાવધાન રહનો.

ઇતિ શ્રીગોકુલનાથજીકૃત ચતુર્થ વચનામૃત સંપૂર્ણમ્.

વિશ્વાસનો શ્વાસ

મહેશભાઇ શાહ - વડોદરા

સુંદર સવાર હતી. ખુશનુમા વાતાવરણ હતું. મન અત્યન્ત પ્રફુલ્લિત હતું. સહ પ્રવાસીઓ પણ મારી જેમ જ આનન્દિત હતા. કારણ કે અમે સૌ ટુરમાં ચેન્નાઇથી પોર્ટ બ્લેર જઇ રહ્યા હતા. જેટની ફ્લાઇટ પણ સમયસર હતી. પરિચારિકાઓ પ્રોફેશનલ સ્મિત સાથે સૌને સેવાઓ આપી રહી હતી. અમારામાંના મોટાભાગના લોકો પહેલી વખત જ આ સુંદર ટાપુઓના અદ્‌ભૂત અબોટ કુદરતી સૌંદર્યનો લહાવો લેવાના હતા. સૌ પુખ્ત વયના લોકોની આંખોમાં પણ બાલિશ લાગે તેવું કુતુહલ ડોકાઇ રહ્યું હતું. કંઇક નવું જોવાનો, નવું જાણવાનો અદમ્ય ઉત્સાહ હતો.

એકાદ કલાક થયો હશે. ખાણી-પીણીથી હજુ માંડ પરવાર્યા હતા. તેવામાં 'સીટબેલ્ટ બાંધી લો' ની સૂચના ચમકી ઉઠી. તે પછી જરા વારમાં કેપ્ટનનું એનાઉન્સમેન્ટ પણ આવ્યું. આપણા માર્ગમાં આગળ તોફાન છે પણ મને ખાતરી છે કે આપણને કોઇ તકલીફ નહિ પડે અને સહી સલામત પહોંચીશું.

મનુષ્ય સ્વભાવની એ લાક્ષણિક્તા છે કે સૌ પહેલા આશા નહિં, ભય મનને ગ્રસી લે છે. સૌને એક જ ડર સતાવી રહ્યો હતો, 'હવે શું થશે?' તેને પોષણ આપવું હોય તેમ તોફાને પણ ઉગ્રતા ધારણ કરી. તોફાની ગર્જનાઓ અને વીજળીના કડાકા ભડાકા અમને ધ્રુજાવી રહ્યા હતા. વિશાળ વિમાન પણ તોફાનની ઝપટમાં બરાબરનું આવી ગયું હતું. ક્યારેક માઇલો ઉપર તો ક્યારેક માઇલો નીચે ગોથા ખાતું હતું.

મારી આજુબાજુના પ્રવાસીઓની અકળામણ, વ્યગ્રતા, ખોફમાં હું પણ સહભાગી હતો. મેં તો મારી હિંમત વધારવા શ્રીકૃષ્ણાશ્રયનો અવિરત પાઠ શરૂ કરી દીધો હતો. સૌ પોતપોતાના ઇષ્ટદેવની આરાધનામાં વ્યસ્ત હતા. એવામાં મારી નજર નજીકમાં બેસેલી એક નાની બાલિકા ઉપર ગઇ. તે; તેના હાથમાં માંડ માંડ સ્થિર રહેતા અને વારંવાર હાથમાંથી પડી જતા આઇપેડ પર શાંતિથી ગેઇમ રમી રહી હતી. જાણે તેને જરાય ચિન્તા હતી જ નહિં. તેની મસ્તીમાં મસ્ત હતી. મને આશ્ચર્ય થયું એટલે મેં પૂછયું, 'બેટા તને ડર નથી લાગતો?' તેણે સાવ સહજતાથી કહ્યું, ' ના રે! મારા પિતા જ આ પ્લેનના કેપ્ટન છે. મને શાનો ડર?' જવાબ સાંભળી હું તો સ્તબ્ધ રહી ગયો.

આ વાતમાંથી આપણે એ સાર તારવી શકીએ કે જો એક અબુધ બાળા પણ તેના દુન્વયી પિતામાં આટલી શ્રદ્ધા રાખી શકતી હોય તો પછી આપણા જીવનમાં આવતા નાના- મોટા તોફાનો વખતે આપણી શ્રદ્ધા કેમ ડગુમગુ થઇ જાય છે? આપણા જીવનયાનના કેપ્ટન વિશ્વનિયન્તા પ્રભુ છે. તે માત્ર પિતા-માતા, બંધુ કે મિત્ર નહિ આપણું સર્વસ્વ છે. આપણે આત્મનિવેદન કરી બધી જવાબદારી તેમને જ સોંપી છે. આચાર્યશ્રીએ પણ કહ્યું છે કે જેમણે આત્મનિવેદન કર્યું છે તેમણે કદાપિ ચિન્તા કરવી નહિ એટલું જ નહિ આપશ્રીએ તો ત્યાં સુધી કહ્યું છે કે 'પ્રભુ લૌકિક આસક્તિ કરાવશે જ નહિ.'

આપણે તો બસ હરિ, ગુરૂમાં (દ્વિવિધ આંધરો) પૂર્ણ શ્રદ્ધા રાખી જીવનની રમતો સહજતાથી રમતા રહીએ પેલી બાળકીની જેમ!

વ્યક્તિત્વ વિકાસના સોપાનો

કમલ સેજપાલ - જૂનાગઢ

ગત્ અંકમાં આપણે વાચ્યું કે ધ્યેય પ્રાપ્તિને સફળ કઇ રીતે બનાવશો...! આજનો માનવી સમય, સંજોગોથી હારીને જીવનમાં મેદાન છોડીને ભાગી જનારાની સંખ્યા છેલ્લા ઘણાજ સમયથી વધી ગઇ છે. આપણે આવા સમાચારો રોજબરોજ સમાચારપત્રો દ્વારા અથવા ટી.વી.ના માધ્યમોથી જાણતા હોઇએ છીએ. સમાજમાં નિરાશાનું પ્રમાણ વધ્યું હોવાથી લોકો આવા નકારાત્મક પગલા ભરી રહ્યા છે. તેમને લાગે છે કે હવે કઇ ફેરફાર નહીં થાય. જીવનમાં હવે માત્ર અંધકાર જ છવાયેલો રહેશે.

આવી વિચારધારા ક્ષણિક હોઇ શકે છે. તેઓ એ નથી વિચારી શકતા કે એક પળ આખી જીંદગીનો માત્ર એક નાનકડો અંશ છે, જેવી આવી છે, તેવી જ પસાર પણ થઇ જશે. જો કે આટલું વિચારવા માટે પણ વિશ્વાસનો પાયો નક્કર હોય તે ખૂબજ જરૂરી છે. વિચારની બાબતમાં પણ આવુ જ અંધાધૂંધીવાળુ વલણ છે. જો કોઇ દુઃખ કે મુશ્કેલી જીવનમાં આવી, તો તે કાયમી જ છે એવુ કોઇ કઇ રીતે માની લે ? જ્યારે સિક્કો મુઠ્ઠીમાં જ રાખ્યો હોય, તે ઉછાળ્યો ન હોય, તો તમને કેવી રીતે ખબર પડશે કે સિક્કાની બીજી બાજુ પણ હોય છે? અગત્યની વાત એ છે કે દરેક સિક્કાની બે બાજુ હોય જ છે. સમયનું પણ એવું જ છે. તેનાં પણ બે પાસા હોય છે - સારુ અને ખરાબ. સમય જ એને ફેરવી-ફેરવીને આપણી સમક્ષ લાવે છે અને લાવતો રહેશે. પરિવર્તનની પ્રક્રિયા સતત ચાલતી જ રહે છે. તમે ઇચ્છો તો જાતે પણ પરિવર્તન લાવી શકો છો.

માર્ગમાં આવતા અવરોધોથી ગભરાઇને અધીરા થયેલા લોકો વ્યગ્ર બની સફળતાનો અધવચ્ચેથી જ અંત લાવી દે છે. આગળ વધવાનો પ્રયત્ન જ નથી કરતા. ઘણી વખત એવુ પણ બને છે કે લોકો એવા સ્થાન પર પહોચીને સફરનો અંત લાવે છે, જયારે એક વળાંક જ બાકી રહ્યો હોય. પ્રશ્ન એ છે કે વળાંક સુધી પહોચવા માટે ઝડપથી ડગલાં કેમ ન ભરવા, રસ્તાથી કંટાળ્યા હો તો નજર લાંબે દોડાવીને આસપાસના સુરમ્ય વાતાવરણને મનમાં કેમ ન સમાવવું ? જ્યારે એક જ બાબતથી કંટાળી ગયા હો, તો બીજી બાબતને શા માટે અજમાવી ન જોવી? એક તરફથી કઇ પરિવર્તન ન જોવા મળતું હોય, તો બીજી બાજુ અજમાવી જુઓ.

સાચા અને દઢ વિચારો સાથે ઉત્સાહને ગાઢ સંબંધ છે મનમાં લગન હોય, ધ્યેય પ્રાપ્ત કરવાની તીવ્ર ઇચ્છા હોય તો કોઇપણ વ્યક્તિ ઉત્સાહભેર આગળ વધી શકે છે. દઢ નિશ્ચય કરીને પોતાના ધ્યયને પામવા માટે મન મક્કમ કરવાની જરૂર છે. જીવનમાં અશક્ય જેવું કઇ છે જ નહી, એ વાત પર વિશ્વાસ રાખનારા લોકો કાયમ માટે કઇને કઇ નવું શોધી કાઢે છે. નવું શીખવાનો ઉત્સાહ તેમને મુશ્કેલીઓમાં પણ ગુરૂ સ્વરૂપે મિલન કરાવી આપે છે. તેમને ધ્યેય સુધી પહોચાડવામાં આ ઉત્સાહ, આ વિશ્વાસ જ મહત્ત્વનો ભાગ ભજવે છે. એક રીતે જોવા જાવ તો વાત સાચી જ છે ને? જે ચાલવા માટે તત્પર છે, તેને રસ્તો કેવી રીતે હરાવવાનો ? જેને આગળ વધવું હશે, પ્રગતિ કરવી હશે એ ગમે તેવા વિપરીત સંજોગોમાં પણ આગળ વધવાનું ચાલુ જ રાખશે.

જયારે આપણું તો શ્રીયમુનાજીની કૃપાથી ગુરૂ સાથેનું મિલન થઇ ગયું છે. જરૂર છે તેને યોગ્ય નિષ્ઠાપૂર્વક સમજવાની. શ્રીવલ્લભે આપણને પુષ્ટિભકિતમાર્ગનો પથ બનાવી અને બતાવી આપેલ છે. બસ વિચારવાનું આપણે છે કે એ રસ્તા પર આપણે કઇ રીતે આગળ વધવું.

**“જે લડે જ નહી, તે જીતે કેવી રીતે?
અને જેને લડતાં આવડી ગયું તેને દરેક
પરિણામનો સ્વીકાર કરતા પણ આવડી જશે.”**

પ્રાણાયામ

પ્રભુદાસભાઇ ટી.મોરડીયા, જુનાગઢ

દરેક ઉમરની વ્યકિતએ વહેલી સવારે તથા રાત્રે જમ્યા પહેલા એક કલાકે નીચેના અગત્યના સાત પ્રકારના પ્રાણાયામ દરરોજ કરવા જરૂરી છે.

૧) ઉજ્જયી પ્રાણાયામ :

આસન : વજ્રાસન અથવા સુખાસન

ક્રિયા : પૂરક અને રેચક (નાસિકા મારફત) શ્વાસ દ્વારા શ્વાસનળીના મુખ (ગ્લોટીસ) થી એક વિશેષ પ્રકારનો અવાજ ઉત્પન્ન કરવો. કંઠનું સંકોચન થવાથી હવાનો સ્પર્શ થશે અને મધુર ધ્વનિ ઉત્પન્ન થશે. શરૂઆત ૧૦ થી ૧૫ અને વધીને ૨૦ થી ૨૫ કરવા.

લાભ : શરદી, ખાસી, તાવ, ટોન્સીલ, થાઇરોઇડ ગ્લાન્ડ, તનાવ, અનિદ્રા, આમવાતમાં ફાયદો કરે છે. ઉંઘમાં નસકોરા બોલતા બંધ થાય છે. બાળકોનું તોતડાપણું દૂર થાય છે, ગળુ ચોખ્ખું થશે. ગાયક અવાજ સારો રહેશે.

૨) ભસ્ત્રિકા પ્રાણાયામ :

આસન : વજ્રાસન અને સુખાસન

ક્રિયા : બંધ મુઠી ખંભાની બાજુમાં રાખી હાથ ઉપર લઇ જઇએ ત્યારે શ્વાસ ભરવો અને હાથ નીચે લાવવા સાથે મધ્યમ ગતિથી શ્વાસને નાસિકા મારફત બહાર ફેંકવો. (લુહારની ધમણ ચાલે તે રીતે શ્વાસ ક્રિયા કરવી) ૩ થી ૧૫ મિનિટ સુધી કરવી.

લાભ : સાઇનસ, એલર્જી, શ્વાસરોગ, દમ, થાયરોઇડ, ટોન્સીલ, કફ મટે છે. ફેફસાં અને હૃદય મજબુત બને છે. માથાનો દુઃખાવો મટશે અને શરીરમાં સ્ફૂર્તી રહેશે.

૩) કપાલભાતિ પ્રાણાયામ :

આસન : પદ્માસન અથવા સુખાસન

ક્રિયા : શ્વાસને અંદર ભરવો, મધ્યમ ગતિથી નાસિકા દ્વારા શ્વાસ બહાર ફેંકવા સમયે નાભિની આજુબાજુનો પેટનો ભાગ અંદર સંકોચવો. શરૂઆતમાં ૫ મિનિટ, ધીમે ધીમે વધારીને ૧૦ મિનિટ સુધી કરી શકાય.

લાભ : મસ્તિષ્ક તેજસ્વી થાય છે. કફ, દમ, શ્વાસ, એલર્જી, સાઇનસ, મોટાપો, મધુમેહ, ગેસ, કબજીયાત, એસીડીટિ, કિડનીની સમસ્યા, પ્રોટેસ્ટ વગેરેમાં રાહત થશે. (હૃદય, ફેફસા, મસ્તિષ્કના અનેક રોગ દૂર થાય છે) પેટના રોગોમાં પણ રાહત થશે.

૪) બાહ્ય પ્રાણાયામ :

આસન : પદ્માસન અથવા સુખાસન

ક્રિયા : શ્વાસને યથાશક્તિ બહાર કાઢવો. સાથે સાથે નાભિ નીચેથી મૂલબંધ, નાભિ ઉપરના ભાગે ઉડીયાન બંધ અને દાઢી છાતી સાથે લગાવીને જાલંધર બંધ લગાવવો. યથાશક્તિ શ્વાસને બહાર રોકવો અને પછી ધીમે ધીમે શ્વાસ ભરતા ભરતા ઉપરથી બંધ ખોલતા જવા. શરૂઆત ૨ થી ૩ વાર, એમ ધીમે ધીમે વધારીને ૧૫ વાર કરી શકાય.

લાભ : જઠરાગ્નિ પ્રદીપ્ત થાય છે. બુદ્ધિ સતેજ, મનની ચંચળતા દૂર થાય અને વિકારોનું શમન થાય છે. પેટના રોગોમાં રાહત થશે. પેટ પરની ચરબી ઘટશે.

૫) અનુલોમ-વિલોમ પ્રાણાયામ (નાડીશોધન પ્રાણાયામ) :

આસન : પદ્માસન અથવા સુખાસન

ક્રિયા : જમણું નસકોરૂ જમણા હાથના અંગુઠાથી બંધ કરી ડાબા નસકોરાથી ધીમે ધીમે શ્વાસ ભરવો ત્યારબાદ ડાબુ નસકોરૂ બે આંગળી વડે બંધ કરી જમણા નસકોરાથી શ્વાસને છોડવો, ફરી જમણાં નસકોરાથી શ્વાસ ભરવો અને પછી જમણું નસકોરૂ બંધ કરી ડાબા નસકોરાથી શ્વાસ છોડવો. આ એક પ્રાણાયામ થયો કહેવાય. આમ, શરૂઆતમાં દશ કરવા. શક્તિ મુજબ વધારી શકાય.

લાભ : સંધિવાત, આમવાત, કમ્પવાત, મૂત્રરોગ, ધાતુ રોગ, એસીડીટી, શરદી, તાવ, સાઇનસ, અસ્થમા, ખાંસી, ટોન્સીલ, વગેરે મટે છે. કોલેસ્ટ્રોલ મટે છે. નાડી શુદ્ધ થવાથી દેહ સ્વસ્થ, કાંતિમય, બળવાન બને છે અને આંખનું તેજ પણ વધે છે.

નોંધ : અનુલોમ-વિલોમ પ્રાણાયામમાં શ્વાસ લેતી અને કાઢતી વખતે નસકોરા સાથે હવા ઘસાયને થોડો અવાજ આવશે. એ રીતે પ્રાણાયામ કરવો. નાડીશોધનમાં બિલકુલ ધીમે શ્વાસ લેવો અને કાઢવો જરાપણ અવાજ આવવો ન જોઇએ અને યથાશક્તિ શ્વાસ રોકવો.

૬) ભ્રામરી પ્રાણાયામ :

આસન : પદ્માસન અથવા સુખાસન

ગો-સેવાનું માહાત્મ્ય...

ધીરૂભાઇ એકલવેણા, જુનાગઢ

ભારતીય સંસ્કૃતિમાં ગાયનું માહાત્મ્ય અનેરૂં છે. ગાયથી અલગ ભારતીય સંસ્કૃતિનું સ્વરૂપ દર્શન જ શક્ય નથી. ભારતીય હિન્દુ શાસ્ત્રો - પુરાણોમાં વ્યક્ત શ્લોક સ્તુતિમાં ગો-માતાનું માહાત્મ્ય આ રીતે વર્ણાવાયું છે.

પૃષ્ઠે બ્રહ્મા ગલે વિષ્ણુઃ મુખે રૂદ્ર પ્રતિષ્ઠિતઃ।
મધ્યે દેવગણા સર્વે રોમકૂપે મહર્ષયઃ।।
નાગા પુચ્છે ખુરાગ્રેયે ચાષ્ટો કુલપર્વતાઃ।
મૂત્રે ગંગાદયો નદ્યૌ નેત્રયોઃ શશિભાસ્કરૌ ।।
યેન યસ્યા સ્તનૌ વેદાઃ સા ધેનુઃ વરદાસ્તુ મે ।

અર્થઃ ‘ગાયની પીઠમાં બ્રહ્મા, ગળામાં વિષ્ણુ ભગવાન, મુખમાં ભગવાન શંકર અને વચ્ચે સર્વે દેવગણ, રૂંવે રૂંવે મહર્ષિઓ, મુનિવરોના સમૂહો બિરાજમાન છે. પુચ્છમાં નાગેન્દ્રો-પગની ચારેય ખરીઓમાં આઠેય કુળના પર્વત શ્રેષ્ઠ વસે છે. ગૌ-મૂત્રમાં ગંગા સમી મહાન માહાત્મ્યવંત નદીઓ તેમજ ગાયની બન્ને આંખોમાં એકમાં ચન્દ્ર(શીતળતા) અને બીજીમાં સૂર્ય(તેજસ્વિતા)નો વાસ છે. એટલું જ નહી; એના ચારેય આંચળમાં ચારેય વેદનો વાસ છે. આવી ગાયની પરમ ઉપાસના-સેવાભક્તિ મારા માટે ઉત્તમ વરદાયક બનો.’

વેદવર્ણન અનુસાર ગાયને ‘હવિર્દુધા’ કહેવામાં આવે છે. કારણ કે ગાયના માધ્યમથી જ યજ્ઞોમાં દેવતાઓને સમર્પિત કરાતા યોગ્ય ‘હવિ’ની પ્રાપ્તિ થઇ શકે છે.

પ્રજાપતિ બ્રહ્મા-જગપાલક વિષ્ણુ તથા જગસંહારક મહાકાલ શંકર ત્રણેય દેવો દ્વારા કામધેનુની સ્તુતિ કરાઇ છે

ત્વં માતા સર્વ દેવાનાં ત્વં ચ યજ્ઞસ્ય કારણમ્ ।
ત્વં તીર્થ સર્વતીર્થાનાં નમસ્તે તુ સદાનઘે ।।

‘હે પાપરહિત ! તમે સમસ્ત દેવતાઓની જનની છો ! તમે જ યજ્ઞની કારણરૂપ પણ છો, તમે જ સમસ્ત તીર્થોને માટે મહાતીર્થ સ્વરૂપ છો. તમને સદૈવ અમારા નમસ્કાર છે.’

વળી, ‘મહાભારત’માં વેદ વ્યાસજી તો ગાયનું માહાત્મ્ય વર્ણવતા કહે છે કે ‘ગાય એ જ યજ્ઞના ફળોનું કારણ છે અને ગાયોમાં જ યજ્ઞની પ્રતિષ્ઠા સમાયેલી છે.’

ગાવો યજ્ઞસ્ય હિ ફલં ગોષુ યજ્ઞાઃ પ્રતિષ્ઠિતાઃ।
માતરઃ સર્વભૂતાનાં ગાવઃ સર્વ સુખપ્રદાઃ।।

અને વળી ‘યજ્ઞ’ પણ ભારતીય સંસ્કૃતિની એક આગવી વિશેષતા છે. એટલું જ નહીં; ભારત તો ખેતીપ્રધાન દેશ! અને ભારતીય સંસ્કૃતિના ‘યજ્ઞ’ની સામગ્રી જવ, તલ, અન્ય જરૂરી સમર્પણ સામગ્રીની પેદાશમાં ઉત્પાદનમાં ગો-સંતાન ‘બળદ’ની અનિવાર્યતા આજના યાંત્રિક ખેતી સુધારણાના કોમ્પ્યુટરાઇઝડ યુગમાં પણ આજ પર્યંત જણાય છે.

‘યજ્ઞ’ કે ‘યજ્ઞવેદી’ના નિર્માણમાં ગાયના ‘ગોબર’ લીંપણ, અને ‘ગો-મૂત્ર’ની પવિત્રતા અનિવાર્ય ગણાય છે. યજ્ઞાગ્નિના પ્રાકટ્ય અને પ્રજ્જ્વલનશીલ રાખવાના હેતુસર કેવળ ગાયનું ગોબર અને છાણા ‘અડાયા’ની જરૂરિયાત કાયમ રહે છે ! એ જ રીતે પંચગવ્યનું મહત્ત્વ અને પંચગવ્ય પ્રાશન પણ સર્વવિદિત બાબત છે.

આધ્યાત્મિક દૃષ્ટિએ પણ ગાયનું મહત્ત્વ અવર્ણનીય છે. મહાભારતના અનુશાસન પર્વમાં મહારાજા નહૂષને ઉદ્દેશીને મહર્ષિ ચ્યવનઋષિ એમ જણાવે છે કેઃ ‘હું આ સંસારમાં ગાય જેટલું - જેવું, કંઇ જ મૂલ્યવાન હોય એવું જાણતો કે સમજતો નથી.’ ગોમાતાના નામ - તેનાં ગુણ - કીર્તન - શ્રવણ ઉપરાંત ‘ગો-દાન’ તેમજ ‘ગો-દર્શન’ માત્ર; આમાનું કોઇ પણ કાર્ય જીવનનો સદ્‌ભાગી અવસર ગણાય. જેના વડે સમસ્ત પાપોનો નાશ અને જીવનનું પરમ કલ્યાણ શક્ય છે!

આમ જોઇએ તો, 'માનવ જીવનની સાર્થકતા'ના ચારેય પુરુષાર્થઃ 'ધર્મ, અર્થ, કામ અને મોક્ષ'ને પ્રદાન કરનાર શાસ્ત્રોક્ત સિદ્ધ કેવળ 'ધેનુસેવા' એટલે કે 'ગો-સેવા' જ અપ્રતિમ બાબત છે.

૧. **'ધર્મ'** 'યત્ર કાર્યો' અવલંબિત ધર્મ 'ધેનુ સેવયા' = 'ગૌ-સેવા' વિના અર્થહીન જ બની જાય; એ એક નિર્વિવાદ સત્ય છે! ગાયનું વિશ્વરૂપ વર્ણન અથર્વવેદમાં છે. જેમાં કહેવાયું છે કે ગાયના રોમરોમમાં દેવત્વનો વાસ છે. વેદ તો ત્યાં સુધી કહે છે કેઃ એતદ્ વૈ વિશ્વરૂપ સર્વ રુપં ગો રુપં' અર્થાત કે ગાય એ જ અખિલ બ્રહ્માંડનું એક માત્ર સ્વરૂપ (સાકાર) છે. વળી, મહાભારતના અનુશાસન પર્વમાં ભગવાન વેદવ્યાસ જણાવે છે કે 'ગાય ઘી અને દૂધ દેનારી છે. ઘી ઉત્પન્ન કરનારી - ઘીની નદી અને ઘીના જ વમળરૂપ છે. આ ઘી સદૈવ મારા હૃદયમાં રહે, નાભિમાં રહે, મારા તમામ અંગોમાં રહે (વહે) અને મારા મનમાં દૃઢપણે સ્થિર રહે. ગાયો સદૈવ મારા ઘરમાં નિવાસ કરે, ગાય મારી આગળ-પાછળ રહે અને હું કાયમ ગાયોની વચ્ચે નિવાસ કરૂં. આ ગૌ-મંત્રના જાપથી સર્વ પાપોના નાશ થાય છે. જે કોઇ પ્રાતઃ સાયં આચમન કરીને જપ કરે તેના દિવસભરના પાપ નિઃશંક નષ્ટ થઇ જાય છે. અરે! ભગવાન શ્રીકૃષ્ણે તો ગીતાના વિભૂતિયોગમાં સ્વમુખે પોતાને જ 'ગાયોમાં હું કામધેનું છું.' ગાય રૂપે એક વિભૂતિ સ્વરૂપ છું. અને યજ્ઞોમાં 'જપયજ્ઞ' રૂપે છું.

૨. **'અર્થ'** એટલે ધનસંપત્તિ=વૈભવ=લક્ષ્મી પ્રદાન કરનાર પણ ગોમાતા જ છે.

ગવાં સેવા તુ કર્તવ્યં ગૃહસ્થૈઃ પૂણ્યલિપ્સુભિઃ।
ગવાં સેવાપરો યસ્તુ તસ્ય શ્રી વર્ધતેડ ચિરાત્ ।।

એક કથામાં તો 'ગોબર' અને 'ગો-મૂત્ર' માં શ્રી લક્ષ્મીજીનો વાસ છે, એમ દર્શાવાયું છે અને તેની વાસ્તવિકતા આજે પણ 'ગોબર', 'ગો-મૂત્ર'ના સૈન્દ્રિય ખાતરથી પ્રચૂર મીઠાશભરી સમૃદ્ધ પેદાશો અન્નરૂપી-ધનમાં રૂપાંતરિત થતી-લક્ષ્મી અને આર્થિક ઉન્નતિની પ્રાપ્તિ સર્વત્ર પ્રત્યક્ષ જ છે ને !

૩. **'કામ'** એટલે કામના - અભિલાષા - મનોરથોની પૂર્તિ અને સંતાન પ્રાપ્તિ.

કામના- મનોરથો અને અભિલાષાની પૂર્તિ તો 'ગો સેવા' થકી સહજ સાધ્ય છે જ. શાસ્ત્ર પુરાણોમાં એવા અસંખ્ય દૃષ્ટાંત છે. ઉપરાંત 'રઘુવંશ'ના મહારાજા દિલીપની કથા તો પ્રખ્યાત છે કે કુલગુરૂ બ્રહ્મર્ષિ વશિષ્ઠે સૂચન કર્યું છે કે 'હે રાજન્ ! તું સુરભિ નંદિનીની સેવા કર. તને અવશ્ય સંતાન પ્રાપ્ત થશે જ.' અને આપણે સહુ જાણીએ છીએ કે તેમને કુળ રોશન કરનારા મહાન પુત્ર 'રઘુ' નામે મળ્યા એ 'કેવલં ધનું સેવયા'નું શ્રેષ્ઠતમ 'કામ' પુરૂષાર્થનું ઉદાહરણ છે. વળી, ઋતુમ્ભર રાજાની પુત્રકામના પરિપૂર્ણ કરવા જાબાલિ મુનિ દ્વારા 'ગો-સેવા'નો આદેશ મળ્યો તો મુનિની આજ્ઞાનુસાર કરાયેલ ગો-સેવાના પ્રતાપે જ પ્રતાપી અને પરમભક્ત એવો 'સત્યવાન' નામે પુત્ર મળ્યો. આમ 'ગો-સેવા'થી પુત્રૈષણાઓ ફળી હોય, એવાં તો અનેક દૃષ્ટાંતો પુરાણોમાં ઉપલબ્ધ છે.

૪. **'મોક્ષ'** - જીવનમુક્તિનું સર્વોચ્ચ શિખર મળે તો પણ 'નરસિહ મહેતા' જેવા સંત ભક્ત 'ભૂતળ ભક્તિ પદારથ મોટું બ્રહ્મલોકમાં નાંહી રે'. એમ કહીને જીવનમાં 'ભક્તિ' જ સર્વોપરી છે - સેવા જ સર્વોપરી છે; એ બ્રહ્મજ્ઞાન વડે 'બ્રહ્મને પણ બ્રહ્મની પાસે લટકાં' કરાવી શકવાનું સામર્થ્ય સિદ્ધ કરી જાય છે. મુક્તિ તો ભક્તિની દાસી છે. ગોપાલ કૃષ્ણનું શરણ એટલે ગોપાલ કૃષ્ણની ગો-ભક્તિ - 'ગો-સેવા', ગો-ચારણ, ગો-વર્ધન બાળ-કૃષ્ણની અદ્‌ભુત એવી બાળલીલાઓ શ્રીમદ્ ભાગવતનો દશમ સ્કન્ધ સ્વયં મોક્ષદાયી! એટલું જ નહીં, શ્રીમદ્ વલ્લભાચાર્યજીના મતે શ્રી કૃષ્ણની સેવા - અનન્યાશ્રય ઉપાસના! એમના જ મતે 'પ્રસ્થાન-ચતુષ્ટય' માં સ્થાન પામેલ 'શ્રીમદ્ ભગવદ્‌ગીતા'ના આધારથી આ મુદ્દો પૂર્ણ કરતા કહેવાનું મન થાય છે કેઃ

‘ધેનુનામ્ અસ્મિ કામધુક્’ ઉપરાંત

અહમાત્મા ગુડાકેશ સર્વ ભૂતાશયસ્થિતઃ ।
અહમ્ આદિર્હિ મધ્યં ચ ભૂતાનામ્ અન્તેવ ચ ।।

સ્વમુખે જ શ્રીકૃષ્ણે કહ્યું હોય પછી આપણને ગાયમાં કૃષ્ણદર્શન થતાં હોય કે ‘ગૌ-સેવા’નો સ્વીકાર આ જીવ કરી શકતો હોય તો પછી એક પ્રમાણ આ પણ માણવા જેવું જ છે.

સર્વધર્માન્ પરિત્યજ્ય મામેકં શરણં વ્રજ ।
અહં ત્વાં સર્વપાપેભ્યો મોક્ષયિષ્યામિ મા શુચઃ ।।

માનવ જીવનના ઉપર નિર્દિષ્ટ ચારેય પુરૂષાર્થ ‘ગો-સેવા’ થકી સુલભ છે. અને એટલે જ ગાય તો ;

માતરઃ સર્વભૂતાનાં ગાવઃ સર્વસુખપ્રદાઃ।।

ગાય પ્રાણી માત્રની માતા છે, સૌનું કલ્યાણી કરનારી ઇચ્છિત સુખ પ્રદાન કરનારી છે.

એટલું જ નહીં; આરોગ્યની દૃષ્ટિએ ગાયનું દૂધ, ગોરસ, માખણ (કનૈયો યાદ આવ્યા વિના રહે ?), ઘી તેમજ ગોબર અને ગો-મૂત્ર સુદ્ધા માનવજીવનને પુષ્ટ અને આરોગ્ય પ્રદાન કરનારા તત્ત્વો છે. વૈશ્વિક સ્તરે યોજાતી કોન્ફરન્સોની ફળશ્રુતિઓમાં ભારપૂર્વક જણાવાયું છે કે માનવ આરોગ્ય જતનની શક્તિ ધરાવતા આ તત્ત્વો-તેમાંયે ગોબર અને ગૌમૂત્ર તો વિષાણુ પ્રતિરોધક શક્તિ ધરાવનાર તત્ત્વો તરીકે અનેક દુ:સાધ્ય રોગોની ચિકિત્સા અને ઉપચારમાં અસાધારણ શુભ પરિણામો લાવનારા તત્ત્વો તરીકે અમૂલ્ય અને અનુપમ પ્રાકૃતિક ઉપહાર છે.

માનવજીવનનો અને આપણી ભારતીય સંસ્કૃતિનો આધારસ્તંભ ‘ગો-માતા’ જ હોવાના કારણે ‘ગો-સેવા’ અને ‘ગો-રક્ષા’ પ્રત્યેક માનવ માટે જ નહીં; સમસ્ત સૃષ્ટિના જીવોના કલ્યાણાર્થે અનિવાર્ય બની જાય છે. આ હકીકતનો સ્વીકાર ખેલદિલીપૂર્વક અને ખૂલ્લા મનથી કરવો; સમષ્ટિના હિતમાં સહાયક અને ઉપકારક સિદ્ધ થઇ શકે તેમ છે.

પ્રાણાયામ - અનુસન્ધાન પૃષ્ઠ ૨૭નું

ક્રિયા : બન્ને હાથના અંગૂઠા વડે કાન બંધ કરવા, પ્રથમ આંગળી કપાળ ઉપર, બીજી-ત્રીજી આંગળી આંખ ઉપર મુકવી. ચોથી આંગળી આંખ નીચે રાખવી, શ્વાસ અંદર ભરીને ભમરા જેવું ગુંજન કરતા કરતા નાસિકા મારફત શ્વાસ બહાર કાઢવો. શરૂઆતમાં ૩ થી ૪ વખત કરી ૧૧ વખત સુધી કરી શકાય.

લાભ : મનની ચંચળતા, માનસિક તનાવ, ઉત્તેજના, હાઇ બ્લડપ્રેસર, હૃદયરોગ વગેરેમાં ફાયદો લાભદાયી છે. સ્ટ્રેશ દૂર થશે અને ઉંઘ પણ સારી આવશે અને આ પ્રાણાયામ ધ્યાન માટે પણ ઉપયોગી છે.

૭) ૐ જપ :

આસન : પદ્માસન અથવા સુખાસન

ક્રિયા : ઉંડો શ્વાસ લઇ શ્વાસ છોડતા ઓમનો જપ ત્રણ થી પાંચ વખત કરવો.

લાભ : ધ્યાન લાગશે, દિવ્ય આનંદ પ્રાપ્ત થશે. અને ઇશ્વર સાથે એકાકાર તરફ ગતિ થશે.

છેલ્લે શવાસનમાં જમીન ઉપર ચત્તા સુઇ સમ્પૂર્ણ શરીરને ઢીલું છોડીને દરેક અંગ ઉપર ધ્યાન આપતા જવું.

અગત્યની સૂચના :

૧) પ્રાણાયામ વહેલી સવારે નિત્ય કાર્ય પૂર્ણ કરી ભૂખ્યા પેટે કરવા.

૨) ઉપર બતાવ્યા મુજબ ક્રમમાં અને સમય મર્યાદામાં પ્રાણાયામ પૂરા કરવા. બે પ્રાણાયામ વચ્ચે વિશ્રામ કરવો.

૩) ફક્ત બે જ પ્રાણાયામ કરવા હોય તો ભસ્ત્રિકા અને કપાલભાતિ કરીને ૐ કાર જપ કરી ધ્યાનમાં બેસવું.

૪) ભસ્ત્રિકા પ્રાણાયામ ૫ મિનિટથી વધુ કરવો નહિ. હાઇ બ્લડપ્રેસર, હૃદયની તકલીફ હોય તેમણે એકદમ ધીમી ગતિથી, સરળતાથી કરવા. તેમજ શ્વાસને રોકવા નહિ.

અભિપ્રાય :

હું છેલ્લા વીસ દિવસથી મોટી હવેલીમાં આ પ્રાણાયામ રેગ્યુલર સવારે કરૂં છું અને આ પ્રાણાયામ થી મને ખુબ સારો એવો ફાયદો છે. ખાસ કરીને તો મને પગ અને સાંધાના દુખાવામાં ખુબ જ રાહત થઇ છે. અને આખો દિવસ સ્ફૂર્તિમય રહે છે.

-રેખાબેન જયેન્દ્રભાઇ તન્ના
(રોયલપાર્ક -જુનાગઢ)

પ્રવૃત્તિ સમાચાર

શ્રીપુષ્ટિસંસ્કાર યુવા પાઠશાલાનો પ્રારંભ

શ્રીપુષ્ટિસંસ્કાર સંસ્થાન, મોટી હવેલી જુનાગઢ દ્વારા ગોસ્વામી શ્રીકિશોરચન્દ્રજી મહારાજશ્રીના આશીર્વાદથી તથા ગોસ્વામી શ્રીપીયૂષકુમાર મહોદયની પ્રેરણાથી તા.૧૪/૦૯/૨૦૧૩ને શનિવારના રોજ રાત્રે ૯:૩૦ કલાકે શ્રીપુષ્ટિસંસ્કાર યુવા પાઠશાલાનો શુભાંરભ કરવામાં આવ્યો.

જેમ બાળકોની પાઠશાલામાં બાળકો શ્રીમહાપ્રભુજીની વાણીનો સ્પર્શ કરી રહ્યા છે અને જીવનની ધન્યતા અનુભવી રહ્યા છે. તો આપશ્રીએ વિચાર કર્યો કે યુવાનો અને મોટાઓને પણ આ લાભ મળે તે હેતુથી આ પાઠશાલાનો શુભારંભ આપશ્રીના કરકમલ દ્વારા કરવામાં આવ્યો.

આપશ્રીએ બધા જ વૈષ્ણવ યુવાનોને સમગ્ર કાર્યક્રમની રૂપરેખા સમજાવી હતી. તેમજ આપણે હજુ કોઇપણ જ્ઞાન મેળવવા માટે બાળક જ છીએ અને વધુમાં કહ્યુ કે આપણે વિશુદ્ધ બુદ્ધિથી અને શ્રદ્ધાથી ધર્મ નિષ્ઠ બનીએ અને આપણુ ઘર, સમાજ, રાષ્ટ્રનું સાત્વિક ગુણોથી નિર્માણ થાય તેવા સંસ્કારો બાળકોની સાથે સાથે યુવાનો, વડીલો અને સમાજના દરેક નાગરિકને મળે તેવા આપશ્રીના પ્રયાસો છે.

તેમજ શ્રીપુષ્ટિસંસ્કાર યુવા સંગઠનની એક પ્રવૃત્તિના ભાગરૂપે તા.૧૫/૦૯/૨૦૧૩ને રવિવારના રોજ શ્રી મોટી હવેલી - જુનાગઢથી શ્રીમહાપ્રભુજીના બેઠકજી સુધી પદયાત્રા (પ્રભાતફેરી)નું આયોજન કરેલ હતું. જેમાં અધ્યક્ષસ્થાને ગોસ્વામી શ્રીપીયૂષકુમારજી મહોદય બિરાજ્યા હતા તેમજ ગોસ્વામી શ્રીપ્રમેયબાવા અને શ્રીપૂણ્યશ્લોકબાવા પણ પોતે ચરણાવિંદથી ચાલીને સાથે પધાર્યા હતા.

આશરે ૨૦૦ની સંખ્યામાં વૈષ્ણવો ઉપસ્થિત રહ્યા હતા. શ્રીમહાપ્રભુજીની વધાઇ-ધોળ-પદ-કિર્તન વગેરેનું ગાન કરતા કરતા શ્રીમહાપ્રભુજીના બેઠકજીએ પહોચ્યાં હતા. આમ, આપશ્રીના સાન્નિધ્યમાં પરમ આનન્દનો લ્હાવો લીધો હતો.

બેટ (દ્વારિકા)

બેટ(દ્વારકા)માં ઘણા સમયથી ગોસ્વામી શ્રીકિશોરચન્દ્રજી મહારાજશ્રીના માર્ગદર્શનમાં શ્રીદ્વારિકાધીશજીના મંદિરનું જીર્ણોદ્ધાર કાર્ય ચાલી રહ્યું છે. તે નિમિત્તે ગોસ્વામી શ્રીકિશોરચન્દ્રજી મહારાજશ્રી તથા ગોસ્વામી શ્રીપીયૂષકુમારજી મહોદયશ્રી સપરિવાર બેટ દ્વારકા પધાર્યા હતા. કચ્છ માંડવીથી ગોસ્વામી શ્રીઅનિરૂદ્ધલાલજી મહારાજશ્રી પણ પધાર્યા હતા.

આચાર્યપરિવારે બેટમાં ઘણા જૂના સમયથી ચાલતી શ્રીકૃષ્ણ સંસ્કૃત પાઠશાલાની મુલાકાત લીધી હતી. ત્યાં અભ્યાસ કરતા બ્રાહ્મણ બાલકોને શાસ્ત્રનો અભ્યાસ તેમ જ સંસ્કૃત ભાષાના અભ્યાસક્રમ ની સાથે વૈષ્ણવી જ્ઞાન પણ આપવામાં આવે છે તે જોઇને આપશ્રી અત્યન્ત પ્રસન્ન થયા હતા.

સાથે રહેલા વૈષ્ણવો પણ બેટ દ્વારકા ના આધ્યાત્મિક વાતાવરણ અને શ્રીદ્વારિકાધીશજીના દર્શન કરીને આનન્દિત થયા હતા.

પ્રવચનસભા

આરબ ટીંબડી ગામ સમસ્ત વૈષ્ણવોના આગ્રહને માન આપીને તારીખ ૧૨ /૯/૨૦૧૩ ના ગોસ્વામી શ્રીપીયૂષકુમારજી મહોદયશ્રીની ગામમાં પધરામણી થઇ. સમસ્ત વૈષ્ણવોએ ખૂબ જ ઉમળકાભેર આપશ્રીનું સ્વાગત કર્યું.

આપશ્રીએ વચનામૃતમાં જણાવ્યું કે 'દરેક વસ્તુની માવજત કરવી પડે છે, તે જ રીતે આપણે લીધેલી દીક્ષાની પણ માવજત કરીએ તો જ તેના ઉત્તમ પરિણામ આપણને પ્રાપ્ત થાય.'

વ્રતોત્સવ ટિપ્પણી

વિશેષદિવસ નોંધ

શ્રીકૃષ્ણાબ્દ ૫૨૩૯ શ્રીવલ્લભાબ્દ ૫૩૬ વિક્રમ સંવત્ ૨૦૬૯-૭૦ ઓક્ટો.-નવે. ૨૦૧૩

ઓક્ટોબર	**ભાદરવાકૃષ્ણપક્ષ**		
૦૧	૧૨	મંગલવાર	શ્રીમહાપ્રભુજીના જ્યેષ્ઠ પુત્ર શ્રીગોપીનાથજીનો ઉત્સવ
૦૨	૧૩	બુધવાર	શ્રીગુસાંઇજીના ત્રીજા લાલજી શ્રીબાલકૃષ્ણજીનો ઉત્સવ
૦૪	૧૪	શુક્રવાર	સર્વપિતૃ અમાવસ, કોટની આરતી, સાંઝીની સમાપ્તિ,
	આસો શુક્લપક્ષ		
૦૫	૦૧	શનિવાર	નવરાત્રારમ્ભ
૦૬	૦૨	રવિવાર	ચંદ્રપ્રભાભાભીજી મહારાજનો ઉત્સવ
૧૩	૦૯	રવિવાર	વિજયા દશમી
૧૫	૧૧	મંગલવાર	એકાદશી વ્રત
૧૬	૧૨	બુધવાર	શ્રીબાલકૃષ્ણજીનો પાટોત્સવ, શ્રીરઘુનાથજીનો ઉત્સવ
૧૮	૧૫	શુક્રવાર	શરદ પૂર્ણિમા, રાસોત્સવ
	આસો કૃષ્ણપક્ષ		
૨૪	૦૫	ગુરૂવાર	શ્રીવ્રજવલ્લભલાલજીનો ઉત્સવ
૨૯	૧૦	મંગલવાર	શ્રીબડે ગોકુલેશજીનો ઉત્સવ
૩૦	૧૧	બુધવાર	એકાદશી વ્રત
નવેમ્બર			
૦૧	૧૩	શુક્રવાર	ધનતેરશ
૦૨	૧૪	શનિવાર	રૂપ ચતુર્દશી (અભ્યન્ગ)
૦૩	૩૦	રવિવાર	દીપોત્સવ, હટડી, કાન જગાઇ
	કારતક શુક્લપક્ષ		
૦૪	૦૧	સોમવાર	અન્નકૂટોત્સવ, ગોવર્ધનપૂજા, નૂતનવર્ષ
૦૫	૦૨	મંગળવાર	ભાઇબીજ, શ્રીદાદાજીનો ઉત્સવ
૧૦	૦૮	રવિવાર	ગોપાષ્ટમી
૧૧	૦૯	સોમવાર	અક્ષયનવમી, શ્રીમહાપ્રભુજીના બેઠકજીએ વિશેષ અન્નકૂટ
૧૩	૧૧	બુધવાર	પ્રબોધિની એકાદશી દેવોત્થાપન સાયં ૭-૧૫ પછી
૧૪	૧૨	ગુરૂવાર	શ્રીગિરધરજી તથા શ્રીરઘુનાથલાલજીનો ઉત્સવ
	કારતક કૃષ્ણપક્ષ		
૧૯	૦૨	મંગળવાર	ચિ. ગોસ્વામી શ્રીપ્રમેયબાવાશ્રીનો જન્મદિવસ
૨૧	૦૪	ગુરૂવાર	ગોસ્વામી શ્રીપીયૂષકુમારજી મહોદયનો જન્મદિવસ
૨૬	૦૮	મંગળવાર	શ્રીગોવિન્દરાયજીનો ઉત્સવ
૨૯	૧૧	શુક્રવાર	એકાદશી વ્રત

શ્રીપુષ્ટિસંસ્કાર યુવા સંગઠન જૂનાગઢ કેન્દ્ર દ્વારા આયોજીત પદયાત્રા

શ્રીવલ્લભ ગોશાલાનો વાર્ષિક મહોત્સવ

ગોસ્વામી શ્રીકિશોરચંદ્રજી શ્રીપુરૂષોત્તમલાલજી મહારાજશ્રી એવમ્ ગોસ્વામી શ્રીપીયૂષકુમારજી મહોદયશ્રીનાં અધ્યક્ષસ્થાને શ્રીવલ્લભ ગોશાલા-વાડલા મુકામે **ગોપાષ્ટમી, તારીખ ૧૦-૧૧-૨૦૧૩** ને રવિવારનાં શુભ દિને યોજવાનું નકકી કરવામાં આવેલ છે. આ કાર્યક્રમ સવારે ૧૦ વાગ્યાથી પ્રારંભ થશે. આ સંમેલનમાં ધર્માચાર્યશ્રીઓ, સાધુ-સંતશ્રીઓ, અધિકારીઓ, પદાધિકારીઓ, ચેરમેનશ્રીઓ ઉપસ્થિત રહેશે.

આ મહોત્સવમાં ગોસેવા અને ગૌચર વિકાસ બોર્ડ, ગાંધીનગર તેમજ મહાત્મા ગાંધી ઔદ્યોગીકરણ સંસ્થાન - વર્ધા, ગુજરાત આયુર્વેદિક યુનિવર્સિટી - જામનગર, જુનાગઢ કૃષિ યુનિવર્સિટી - જુનાગઢ, તેમજ વિવિધ વિષયના તજ્જ્ઞો, આયુર્વેદિક વૈદ્યાચાર્યશ્રીઓ દ્વારા ગોશાલાની વિવિધ યોજનાઓ, પંચગવ્ય ઔષધિઓ, આયુર્વેદમાં પંચગવ્યની ઉપયોગિતા, વ્યસનમુકિત, પર્યાવરણ અને વૃક્ષોની ઉપયોગિતા અંગેની માહિતી અને માર્ગદર્શન આપવામાં આવશે.

સર્વ વૈષ્ણવોને ગોસેવા - ગોરક્ષા - ગોપાલન ની પ્રેરણા આપનારા આ વિશિષ્ટ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા આગ્રહ છે.

શ્રીવલ્લભ ગોશાલા - વાડલા

વિશેષ માહિતિ સમ્પર્ક : વિનોદભાઇ કંટારિયા - ૯૪૨૭૨ ૮૬૮૮૪

Registered Newspaper
PUSHTI SANSKAR (MONTHLY)
OCTOBER 2013
JUNAGADH - 362001
Posted on 12 th of every month

R.N.I. No. Guj Guj/34004/2010
Postal Reg. No.G-JND 304/12-15
(Valid up to 31-12-2015)

ઈન્દ્રમાનભંગનું પદ

રાગ - બિલાવલ

**જય જય લાલ ગોવર્ધનધારી ।
સાત દ્યોસ જલ વૃષ્ટિ નિવારી યા ઢોટા પર વારિ ।।૧।।
દેવરાજ પ્રતિજ્ઞા મેટી ગોપ ભેખ લીલા અવતારી ।
નલકુબર મણિગ્રીવ ઉબારે બાલક દશા પૂતના મારી ।।૨।।
દેત અસીસ સકલ ગોપીજન રાજ કરો વ્રન્દાવનચારી ।
પરમાનન્દદાસકો ઠાકુર અનુદિન આરતી હરત હમારી ।।૩।।**

IF NOT DELIVERED PLEASE RETURN TO
SHREE PUSHTI FOUNDATION
MOTI HAVELI, PANCH HATADI CHOWK, JUNAGADH - 362001 (GUJARAT) INDIA
Owner : SHREE PUSHTI FOUNDATION
Printer, Publisher: Jayendrakumar Bhimjibhai Tanna
Editor : Kamalkumar Gordhandas Sejpal,
Printed at SHAH GRAPHICS Street No. 6, Vraj Apartment, Talav Darwaja, Junagadh-362 001
Published at Pushti Foundation, Moti Haveli, Near Panch Hatdi Chowk, Junagadh - Gujarat.